THURSDAY
૦૪-૦૩-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા વદ ૭
અંક : ૧૨૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડિટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂા. ૪

### નીતિન પટેલ દ્વારા પેપરલેસ બજેટ રજૂ : બજેટના નામે ગરીબ-મધ્યમવર્ગને ઠેંગો, ભૂતકાળમાં જાહેર કરાયેલી યોજનાઓનો નવા બજેટમાં ફરી ઉલ્લેખ

# વિધાનસભા બજેટ ૨૦૨૧ : નવી બોટલમાં જૂનો દારૂ

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૩

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણાં પ્રધાન નીતિન પટેલે નવમી વખત ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષનું બજેટ રજૂ કર્યું હતું. ગુજરાત રાજ્યની સ્થાપના પછી પ્રથમ વખત ૨.૨૭ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું છે. આ પ્રસંગે નીતિન પટેલે જણાવ્યું હતું કે, આ વખતે ૨.૨૭ લાખ કરોડનું બજેટ પાછલા બજેટ કરતા ૧૦,૦૦૦ કરોડથી વધુ છે.

નોંધનીય છે કે પાછલા બજેટ અને આ વખતના બજેટની સરખામણી કરીએ તો કૃષિ વિભાગમાં ગયા વર્ષે રૂપિયા ૭૪૨૩ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે આ વર્ષે કૃષિ વિભાગમાં રૂપિય ૭૨૩૨ કરોડની જાગવાઈ કરવામાં આવી છે જે પાછલા બજેટ કરતા રૂપિયા ૧૯૧ કરોડ ઓછું છે. નોંધનીય છે કે કૃષિ માટે કુલ મળીને ૨૭ હજાર ૨૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બજેટ રજુ કરતા સમયે નાણા પ્રધાને સ્થાનિક ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયની યાદ અપાવી. તેમણે આ વિજયને પ્રજાના સર્ટિફિકેટ સાથે સરખાવ્યું હતું. તેમણે આ મુદ્દે કહ્યું કે પ્રજાની યુનિર્વસિટીમાંથી અમને ત્રિપલ-છ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. આ જીત એમને એમ નથી થઈ. આ માટે ભાજપ સરકારે ઘણા વિકાસના કાર્યો કર્યા છે. તેમ નીતિન પટેલે ઉમેર્યું છે. અને, વિકાસ કાર્યોમાં ગુજરાતમાં કંઈ જ કચાશ રહેતી ન હોવાનું પણ તેમણે કહ્યું છે.

નીતિનભાઈએ કહ્યું કે, લોકડાઉન સમયે રાજ્યમાં એક પણ વ્યક્તિ ભૂખ્યો ના રહે તેનું ધ્યાન સરકારે રાખ્યું છે. દવા સાથે ભોજનની પણ વ્યવસ્થા કરી. જેમાં સરકારે ૬૯ લાખ કુટુંબોની ૩ કરોડ ૩૬ લાખની જનસંખ્યાને સસ્તા અનાજની મંડળી દિન દયાલ ઉપાધ્યાય દ્વારા ૬ વખત વિના મુલ્યે અનાજ આપ્યું. જેમાં સરકારે ઘઉં ચોખા ચણા દાળ ખાંડ અને મીઠાનું વિતરણ કર્યું. આ બાદ BPL સિવાયના APLના માધ્યમવર્ગના ૬૧ લાખ પરિવારોને પણ સરકારે ૧ કિલો ચણા દાળ, એક કિલો ખાંડનું વિતરણ કર્યું.

આ બાદ નીતિનભાઈએ કહ્યું કે મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ હેઠળ ૬૭ લાખ ૩૮ હજાર પરિવારોને લોકડાઉન વખતે ૧ હજાર રૂપિયા આપવામાં આવ્યા. જે બેંક ખાતામાં સીધા જમા કરાવ્યા. આ કાર્યોનો હવાલો આપતા નાણા પ્રધાને કહ્યું કે આ કામગીરીએ જ ભાજપને જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં વિજયી બનાવ્યા છે.

ગુજરાતના અત્યારસુધીના સૌથી મોટા બજેટમાં આરોગ્ય, શિક્ષણ તેમજ ઈન્ફાસ્ટ્રક્ચર પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પોતાની બજેટ સ્પીચમાં નીતિન પટેલે આગામી પાંચ વર્ષમાં બે લાખ લોકોને સરકારી નોકરી આપવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત આગામી પાંચ વર્ષમાં મેન્યુફેક્ચરિંગ, ફાર્મા, એનર્જી, એન્જીનિયરીંગ, ઈન્ફાસ્ટ્રક્ચર, આઈ.ટી., પ્રવાસન, હૉસ્પિટાલીટી, ફૂડ પ્રોસેસિંગ, બેંકિંગ અને સર્વિસ સેક્ટરમાં ૨૦ લાખ રોજગારી ઊભી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, અમદાવાદ-મહેસાણા હાઈવેને સિક્સ લેન બનાવવાની તેમજ અમદાવાદ-ગાંધીનગર અને સુરત સિવાય વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં પણ મેટ્રો દોડાવવા માટે આયોજન કરાયું છે.

૫૮૭.૮૮ કરોડ રુપિયાન પુરાંત દર્શાવતા આ બજેટમા મહેસૂલી આવક ૧,૬૭,૯૬૯.૪૦ કરોડ, મહેસૂલી ખર્ચ ૧,૬૬,૭૬૦.૮૦ કરોડ અંદાજવામાં આવ્યા છે. જ્યારે મહેસૂલી હિસાબ પર પુરાંત ૧૨૦૮.૬૦ કરોડ, મૂડીની આવક ૫૦૭૫૧ કરોડ, લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ ૫૬,૫૭૧.૭૨ કરોડ, મૂડી હિસાબ પર ખાધ (માઈનસ) ૫૮૨૦.૭૨ કરોડ અંદાજવામાં આવ્યા છે. કોરોનાને કારણે સરકારે આ બજેટમાં કોઈ નવા કરવેરા નથી નાખ્યા અને પ્રવર્તમાન વેરામાં કોઈ પ્રકારનો વધારો પણ નથી કર્યો.

નીતિન પટેલે કહ્યું, ગુજરાત સરકાર દ્વારા લેવાયેલા પગલાંથી ગુજરાતનું અર્થતંત્ર વેગવંતુ બન્યું છે. ગુજરાતે કોરોનાના કપળાં કારમાં ભારતને નવી દિશા આપી આપવાનું કામ કર્યું છે. તેમણે વધુમાં કહ્યું, નાના વ્યવસાયકારો ફરી બેઠા થઈ રહ્યા છે. માટે આયાત વેરાના દરોમાં વધારો અને નવા કોઈ કરવેરા નહીં નાખવાની જાહેરાત કરું છું. આમ ગુજરાતમાં કોઈ નવો કરવેરો કે વેરાના દરોમાં વધારાની કોઈ જાહેરાત કરી નથી.

નાણાંમંત્રીએ કહ્યું કે, ૨૦ સિવિલ હોસ્પિટલોમાં આર્યુવેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર અપાશે. આ સાથે સુરતની કિડની હોસ્પિટલને અદ્યતન બનાવવા ૨૫ કરોડ આપવામાં આવશે. નવી ૧૫૦ એમ્બ્યુલન્સ માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે આ સાથે૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસમાં વધુ નવી ૧૫૦એમ્બ્યુલન્સ ઉમેરાશે. ઓછા જન્મ સાથે જન્મતા બાળકોની સારવાર માટે ૧૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગોધરા-મોરબીમાં નવી મેડિકલ કોલેજ માટે ૫૦ કરોડ ફાળવવામાં આવશે.

નાણામંત્રીએ કમલમ ફ્રુટના વાવેતર માટેની પણ જોગવાઈ કરી છે. તેમણે જણાવ્યું કે, કેવડિયાની આસ-પાસના ૫૦ કિ.મીમાં કમલમ ફ્રૂટના બે લાખના વાવેતર માટે ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહત્ત્વનું છે કે, ખેડૂતોની માંગ બાદ રાજ્ય સરકારે ડ્રેગન ફ્રૂટનું નામ બદલીને કમલમ રાખ્યું છે.




**ગુજરાત સ્થાપનાથી અત્યાર સુધીનું સૌથી મોટુ ૨.૨૭ લાખ કરોડ રૂપિયાનું બજેટ જાહેર : સહકારી ક્ષેત્ર, કૃષિ અને ઉદ્યોગો પર વધુ ભાર**

**૫૭૭.૮૮ કરોડની પુરાંત, નવા કોઇ વેરા નહીં, આરોગ્ય વિભાગ માટે ૧૧૩૨૩ કરોડની જોગવાઇ**


**પાંચ વર્ષમાં બે લાખ નવી ભરતી અને ૨૦ લાખ રોજગારીની તકો ઉભી કરવા સહિતની જાહેરાતો પણ વાસ્તવમાં કેટલાને નોકરી? સવાલ એ નો એ જ**

## બજેટ પર તીરછી નજર

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ૧૩ હજાર ૪૯૩ કરોડ
- ૫ વર્ષમાં ૨ લાખને રોજગારી, ખાનગી સેક્ટરમાં ૨૦ લાખ યુવાનોને રોજગારી અપાશે
- અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે રૂ.૧૫૦૦ કરોડની ફાળવણી, કોરોનાના કારણે સરકારની આવક ૪૦ ટકા ઘટી
- સ્ટેચ્યુ ઓફ યુનિટિ માટે રૂ. ૬૫૨ કરોડની જોગવાઈ
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂ.૧૧ હજાર ૩૨૩ કરોડનું જોગવાઈ
- મહિલા અને બાળક વિકાસ માટે રૂ. ૩૫૧૧ કરોડનું જોગવાઈ
- મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ હેઠળ ૬૭ લાખ ૩૮ હજાર પરિવારોને લોકડાઉન વખતે ૧ હજાર રૂપિયા અપાયા
- ગાંધીનગરમાં ધારાસભ્યો માટે નવું નિવાસસ્થાન બનશે, ગુજરાતમાં ૧૫૦ વધુ ૧૦૮ એમ્બ્યુલન્સ આવશે

## બજેટ પર તીરછી નજર

- ૨૦ સિવિલ હોસ્પિટલોમાં પંચકર્મ સારવાર અપાશે
- ખેડૂતોને બિયારણ, અનાજ સંગ્રહ માટે એક ડ્રમ અને પ્લાસ્ટિકના બે ટબ વિના મૂલ્યે અપાશે
- રાજકોટ, વડોદરા, જામનગર, ભાવનગરમાં પણ દોડશે મેટ્રો
- આગામી પાંચ વર્ષમાં સરકારમાં બે લાખ જેટલા યુવાનોની ભરતી કરવામાં આવશે
- ખાનગી ક્ષેત્રે ૨૦ લાખ લોકોને નોકરી અપાવવાનું સરકારનું આયોજન
- સરકાર પાસે આવક ઓછી પરંતુ કામનો બોજ વધારે
- રાજ્યમાં ૬ સ્થળોએ હેલિપેડ બનાવવામાં આવશે
- ગોધરા-મોરબીને મળી મોટી ભેટ, નવી મેડિકલ કોલેજ બનશે
- ગુજરાતની વિકાસયાત્રા, સમૃદ્ધિ વધતી રહે તેવું બજેટ છે
- વન બંધુ કલ્યાણ યોજના -૨ અમલમા મૂકવાની કરાઈ જાહેરાત




## રાહુલ ગાંધી દ્વારા આરએસએસની સરખામણી પાક.ના મદ્રેસાઓ સાથે કરાઈ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સંઘની તુલના પાકિસ્તાનમાં આતંકીઓને તૈયાર કરતા મદરેસાઓ સાથે કરી નાંખી છે. પીએમ મોદી પર અવાર નવાર પ્રહારો કરતા રાહુલ ગાંધીએ આજે એક ઈન્ટરવ્યૂ દરમિયાન આરએસએસ પર પણ નિશાન સાધ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે, આરએસએસ દ્વારા પોતાના સ્કૂલો થકી હુમલો કરાઈ રહ્યો છે. જે રીતે પાકિસ્તાન કટ્ટરપંથીઓ માટે મદરેસાઓનો ઉપયોગ કરે છે તે રીતે આરએસએસ પોતાની સ્કૂલોમાં એક વિશેષ પ્રકારની દુનિયા ભણનારા વિદ્યાર્થીઓને બતાવે છે.

## ગુજરાતમાં સિંહ તો દિલ્હીમાં બિલાડી : ચાર સીટમાં આપ, એકમાં કોંગ્રેસ, ભાજપને ઠેંગો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

દિલ્હી મહાનગરપાલિકાના પાંચ વોર્ડની પેટાચૂંટણીના પરિણામ સામે આવ્યા છે. જેમાં આદ આદમી પાર્ટીની ચાર અને કોંગ્રેસની એક સીટ પર જીત થઈ છે. ત્રિલોકપુરી, શાલીમાર બાગ વોર્ડ, રોહિણી-સી અને કલ્યાણપુરી બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવારે જીત મેળવી છે. જ્યારે પૂર્વ દિલ્હીની ચૌહાણ બાંગડ સીટ પર કોંગ્રેસના ઉમેદવારની જીત થઈ છે. અગાઉ આમાંથી ચાર બેઠક આપ પાસે હતી, જ્યારે એક ભાજપ પાસે હતી.

કલ્યાણપુરીથી આપના ધીરેન્દ્ર કુમારે ૭,૨૫૯ મતોથી જીત મેળવી છે, તેમનો મુકાબલો ભાજપના સિયારામ સામે હતો. શાલીમાર બાગ ઉત્તરથી



આપની સુનિતા મિશ્રા ૨,૭૦૫ મતોથી વિજયી થઈ. ફક્ત એક જ વોર્ડ ચૌહાણ બાંગડથી કોંગ્રેસના ઝુબૈર અહેમદ જીત્યા છે. તેમણે આપના ઈશરાક ખાનને ૧૦,૬૪૨ મતોથી હરાવ્યા છે. ત્રિલોકપુરીમાં આપના વિજય કુમારે ભાજપના ઓમપ્રકાશને ૪,૯૮૬ મતોથી પરાજિત કર્યા છે. જ્યારે, રોહિણી-સી થી આપના રામચંદ્રએ ભાજપના રાકેશ ગોયલને ૨,૯૮૫ મતોથી હરાવ્યા છે.પરિણામ બાદ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ કહ્યું કે, દિલ્હીની જનતાએ મહાનગરપાલિકાની પેટાચૂંટણીમાં પમાંથી ૪ બેઠક આપીને અરવિંદ કેજરીવાલની રાજનીતિ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને ભાજપના સૂપડાં સાફ કર્યા છે.

## પત્નીને પતિ સાથે રહેવા માટે મજબૂર ન કરી શકાય : સુપ્રિમ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા કહ્યું હતું કે, મહિલા કોઈની ખાનગી સંપત્તિ નથી. અદાલતે કહ્યું હતું કે, પત્નીને પરાણે પતિ સાથે રહેવા મજબુર કરી ના શકાય. એક વ્યક્તિએ અરજી દાખલ કરી હતી કે, અદાલત તેની પત્નીને આદેશ આપે કે તે ફરીથી તેની સાથે રહેવા આવે. આ કેસની સુનાવણી દરમિયાન અદાલતે આ ટિપ્પણી કરી હતી.

જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ હેમંત ગુપ્તાની બેંચે કહ્યું હતું કે, તમને શું લાગે છે? શું મહિલા કોઈની ગુલામ છે કે અમે આદેશ આપી દઈશું? શું પત્ની કોઈની અંગત સંપત્તિ છે કે તેને તમારી સાથે રહેવાનો નિર્દેશ આપી શકાય?

આ સમગ્ર વિવાદના મૂળમાં વૈવાહિક અધિકારની પુનઃસ્થાપના માટેનો હુકમ છે, જે ગોરખપુરની ફેમિલી કોર્ટે ૨૦૧૯ માં આપ્યો હતો. મહિલાએ કહ્યું કે ૨૦૧૩ માં લગ્ન કર્યા બાદ તેના પતિએ દહેજ માટે તેના પર ત્રાસ આપ્યો હતો, મજબૂરીથી તે અલગ રહેવા લાગી હતી. ૨૦૧૫માં, જ્યારે તેણે ભરણ-પોષણ માટે કેસ કર્યો હતો. ગોરખપુર કોર્ટે તેના પતિને મહિને ૨૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ પતિએ લગ્નના અધિકારની પુનઃસ્થાપના માટે ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે પતિની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

દામ્પત્ય અધિકારોની બહાલીનો નિર્ણય થતા જ પતિ ફરી અદાલત ગયો.

## સરકાર વિરૂદ્ધ ચાલનારને દેશદ્રોહી ન કહી શકાય : સુપ્રિમની ફારૂક અબદુલ્લાને રાહત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાને ભારે મોટી રાહત આપી છે. કોર્ટના કહેવા પ્રમાણે સરકારી અભિપ્રાયોથી અલગ અને વિરૂદ્ધ અભિપ્રાય ધરાવતા વિચારોની અભિવ્યક્તિને દેશદ્રોહ ન કહી શકાય. હકીકતે, ફારૂક અબ્દુલ્લાના કલમ ૩૭૦ મામલે આપવામાં આવેલા નિવેદનના વિરોધમાં અરજી નોંધાવવામાં આવી હતી. આ અરજીમાં ફારૂક અબ્દુલ્લાના નિવેદનને ધ્યાનમાં લઈ તેમના વિરૂદ્ધ દેશદ્રોહનો કેસ નોંધવા માંગણી કરવામાં આવી હતી. ઉપરાંત તેમની સંસદીય સદસ્યતા રદ કરવા પણ માંગણી કરી હતી. સુપ્રીમ કોર્ટે ફારૂક અબ્દુલ્લા વિરૂદ્ધ દેશદ્રોહનો કેસ ચલાવવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. સાથે જ અરજીકર્તા રજત શર્માને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. અરજીકર્તાના આરોપ પ્રમાણે ફારૂક અબ્દુલ્લાએ જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદ કરવા ચીનથી મદદ લેવાની વાત કરી હતી. નેશનલ કોન્ફરન્સ દ્વારા આ આરોપોને નકારી દેવામાં આવ્યા હતા. પાર્ટીએ કહ્યું હતું કે, 'અબ્દુલ્લાએ કદી અમે ચીન સાથે હાથ મિલાવીને કલમ ૩૭૦ ફરી અમલમાં લાવીશું તેમ નથી કહેલું. તેમના નિવેદનને ખોટી રીતે મારી-મચડીને રજૂ કરવામાં આવ્યું છે.'

દોઢ દાયકામાં પ્રથમ વાર બજેટમાં મહેસૂલી ખાધ આવી : સરકારના બજેટ કરતા સરકારનું દેવું ૧.૩૦ લાખ કરોડ વધારે, શિક્ષણ માટે જીડીપીના માત્ર ૨.૨% તો આરોગ્ય ક્ષેત્રે માત્ર ૯૮ કરોડનો વધારો

# ગુજરાત વિધાનસભા બજેટ-૨૦૨૧માં વાસ્તવિક વધારો શૂન્ય

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૩

ગુજરાત સરકારનું ચાલુ વર્ષનું બજેટ રૂ. ૨.૧૫ લાખ કરોડનું હતું. નવા વર્ષ માટે રૂ. ૨.૨૭ લાખ કરોડનું અંદાજપત્ર રજૂ થયું છે. આમ, ચાલુ વર્ષ કરતાં આગામી વર્ષે રૂ.૧૨,૦૦૦ કરોડ વધુ ખર્ચાશે. આમ, બજેટાં ૫.૫૮ ટકાનો વધારો થયો છે. જો ફુગાવાનો દર પાંચ કે છ ટકાનો ગણીએ, કે જે હાલ છે, તો બજેટમાં કોઈ વાસ્તવિક વધારો થયો નથી એમ કહેવાય. એટલે એમ કહી શકાય કે બજેટમાં દરેક બાબતમાં ઓછાવત્તો વધારો કે ઘટાડો અથવ ક્યાંક વધારો અને ક્યાંક ઘટાડો થયો છે એટલું જ ! દા.ત. ક્લાઈમેટ ચેન્જ વિભાગ માટે રૂ.૯૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે કે જે ચાલુ વર્ષે ૧.૦૧૯ કરોડનું હતું, ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે ચાલુ વર્ષ માટે રૂ.૭.૦૧૭ કરોડ અંદાજવામાં આવ્યા હતા પણ હવે આગામી વર્ષ માટે રૂ. ૬.૫૯૯ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે, શ્રમ રોજગાર વિભાગ માટે ચાલુ વર્ષે રૂ.૧,૪૬૧ કરોડ ફાળવાયા હતા પણ હવે તે વધારીને રૂ.૧.૫૦૨ કરોડ કરાયા છે !!

ગુજરાત સરકારે કોરોના લોકડાઉન દરમ્યાન રૂ.૧૪૦૦૦ કરોડના આત્મનિર્ભર પેકેજની જાહેરાત કરી હતી. વાસ્તવમાં સરકારનું મહેસૂલી ખર્ચ ચાલુ વર્ષ માટે રૂ.૧.૬૨ લાખ કરોડ અંદાજવામાં આવ્યું હતું, પરંતુ ખર્ચ હવે રૂ.૧.૫૨ લાખ કરોડ થવાનો સુધારેલો અંદાજ મૂકવામાં આવ્યો છે.

ભારે મહેસૂલી ખાધ : ચાલુ વર્ષ માટે મહેસૂલ ખાતામાં રૂ.૭૮૯ કરોડની પુરાંત અંદાજવામા આવી હતી પણ હવે સુધારેલા અંદાજ પ્રમાણે તેમાં રૂ.૨૧.૯૫૨ કરોડની ખાધ અંદાજવામાં આવી છે. ઘણાં વર્ષોથી ગુજરાત સરકારનું બજેટ મહેસૂલ ખાતામાં પુરાંતવાળું જ રહેતું હતું તે બે દાયકા જૂની પરંપરા હવે તૂટી છે.

બજેટ કરતાં દેવું વધારે : ચાલુ વર્ષે સરકારે પોતાના દેવામાં જોરદાર વધારો કર્યો છે. તેનો અંદાજ રૂ.૪૬.૭૬૬ કરોડનો હતો અને સુધારેલો અંદાજ રૂ.૬૧.૨૬૮ કરોડનો છે. આગામી વર્ષ માટે પણ ૫૦.૭૫૧ કરોડનું દેવું લેવામાં આવશે એવો અંદાજ મૂકવામાં આવ્યો છે. આમ, સરકારનું દેવું ભયંકર હદે વધતું જાય છે! સરકારનું દેવું ચાલુ વર્ષે રૂ.૨.૯૬ લાખ કરોડનું રહેશે એવો અંદાજ મૂકવામાં આવ્યો હતો. હવે ચાલુ વર્ષે દેવાના અંદાજ કરતાં રૂ.૧૫.૦૦૦ કરોડનો વધારો થયો છે એટલે કુલ દેવામાં વધારો થશે જ. નવું દેવું લેવામાં આવશે એટલે આવતે વર્ષે તો તે સાડા ત્રણ લાખ કરોડ રૂપિયાથી પણ વધશે. ગુજરાત સરકારના બજેટ કરતાં પણ સરકારનું દેવું રૂ.૧.૩૪ લાખ કરોડ વધારે હશે!

શિક્ષણ ક્ષેત્રે સાવ નજીવો વધારો : શિક્ષણ ક્ષેત્રે સરકારે ચાલુ વર્ષે રૂ.૨૭.૯૩૨ કરોડના ખર્ચનો અંદાજ હતો. આ આંકડો સાંક્ષિપ્ત અંદાજપત્રમાં જણાવ્યો છે. જો કે, બજેટ પ્રવચનમાં નાણા પ્રધાને રૂ.૩૧.૯૫૫ કરોડનો આંકડો જણાવ્યો હતો. એટલે સાચો આંકડો ક્યો તેની ખબર પડતી નથી. હવે રૂ.૩૨.૭૧૯ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે. એટલે શિક્ષણ માટેના ખર્ચમાં રૂ.૭૬૪ કરોડનો જ વધારો થયો છે. ગયા બજેટ પ્રવચનમાં નાણા પ્રધાને ૫૦૦ શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે વિકસાવવામાં આવશે એમ કહેલું. તેનું શું થયું તે એમણે એમના પ્રવચનમાં કહ્યું નહિ. નવી શિક્ષણ નીતિમાં જીડીપીના છ ટકા જેટલી રકમ શિક્ષણ માટે ખર્ચવાનું નક્કી થયું છે પણ ગુજરાત સરકાર આગામી વર્ષે આ અંદાજ મુજબ તો ૨.૨ ટકા રકમ જ ખર્ચવાની છે! શું નવી

**હેમંતકુમાર શાહ**

શિક્ષણનીતિ મુજબ સરકારની ૩૭.૦૦૦ શાળાઓમાં વ્યાયામ, ચિત્રકામ અને સંગીત શિક્ષકોની ભરતી કરવા માટેનો ઈરાદો ધરાવે છે ખરી ?

આરોગ્ય માટે નજીવો વધારો : આરોગ્ય માટે રૂ.૧૧.૨૨૫ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. આગામી વર્ષ માટે રૂ.૧૧.૩૨૩ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આમ, ચાલુ વર્ષ કરતાં માત્ર રૂ.૯૮ કરોડનો જ વધારો થયો છે!! આટલા ખર્ચમાં કેવી રીતે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યની સારી સવલતો ઉભી થશે ? પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, રેફરલ તથા જિલ્લા હોસ્પિટલોમાં ખૂટતો સ્ટાફ અને ખૂટતી સવલતોની કેવી રીતે આટલા જ વધારામાં પૂર્તિ થઈ શકે ?

યોજનાઓ અને ખર્ચ : નાણાં પ્રધાને ગયા વર્ષે બજેટ રજૂ કર્યું ત્યારે કુલ ૧૭ નવી યોજનાઓ જાહેર કરી હતી. આ યોજનાઓનું શું થયું તેની કોઈ વિગતો તેમણે તેમના પ્રવચનમાં રજૂ કરી નથી. જેમ કે, સરકારે ગયા બજેટમાં ૬૫ હજાર લારીગલ્લાવાળાને રૂ.૮ કરોડના ખર્ચે છત્રી આપવામાં આવશે એમ કહેલું. હવે નાણાં પ્રધાને પ્રવચનમાં એમ કહ્યું કે હજારો લોકોને છત્રી આપવામાં આવી છે. તેમણે કેટલાને છત્રી આપવામાં આવી અને કેટલો ખર્ચ થયો તે પ્રવચનમાં જણાવ્યું જ નહિ. જોકે, એકલા અમદાવાદમાં જ આશરે એક લાખ લારીગલ્લા હોવાનો અંદાજ છે!

બેકારી : ગુજરાત સરકાર પાંચ વર્ષમાં બે લાખ યુવાનોને સરકારમાં નોકરી અપાશે એમ નાણાં પ્રધાને કહ્યું છે. સરકારની રોજગાર વિનિમય કચેરીઓમાં ૨૦૧૯માં ૪.૫૩ લાખ લોકો નોંધાયેલા બેકાર હતા. એટલે પાંચ વર્ષમાં કેટલા લોકો બેકાર રહેશે તે નક્કી છે. ખાનગી ક્ષેત્રે કેટલી રોજગારી આ બજેટને પરિણામે ઉભી થશે તેનો કોઈ અંદાજ રજૂ કરવામાં આવ્યો નથી. ૨૦૧૮માં વર્ગ-૩ની ૧૨.૦૦૦ જગ્યા માટે ૩૭.૭ લાખ લોકોએ અરજી કરી હતી તે વાત ધ્યાનમાં લઈએ તો ખ્યાલ આવે કે કેટલી બેકારી છે અને તે ક્યારે દૂર થશે. ગુજરાતમાં ૨૦૨૦-૨૧માં મનરેગા હેઠળ એક પરિવારને ૪૦.૫૯ દિવસની જ રોજગારી પૂરી પાડવામાં આવી છે કે જ્યારે કાયદો ૧૦૦ દિવસની રોજગારી આપવાનું કહે છે! વળી, એક દિવસનું સરેરાશ વેતન રૂ.૧૯૬ જ ચૂકવવામાં આવ્યુ છે. વળી, ૧૮.૭૧ લાખ લોકોએ મનરેગા હેઠળ રોજગારી મેળવી હતી. એટલે રાજ્યમં કેટલી અર્ધબેકારી છે તેનો અંદાજ આવી શકે છે. ગ્રામ્ય વિસ્તારોની આ ભયંકર બેકારી નવા વર્ષના બજેટથી દૂર થયા તેવી કોઈ શક્યતા દેખાતી નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## તિથવા જીલ્લા પંચાયત બેઠકના તમામ મતદારોનો હૃદય-પૂર્વક આભાર : હફીઝાબેન ઈસ્માઈલભાઈ બાદી



ચક્રવાત ટીમ તિથવા, તા.૦૩

ગુજરાતમાં ગઈકાલે જાહેર થયેલા સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરિણામોમાં મોરબી જિલ્લા પંચાયતની તિથવા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર હફીઝાબેન ઈસ્માઈલભાઈ બાદીનો ૨,૩૪૩ જેટલી જંગી બહુમતીથી વિજય થતાં તેમણે તિથવા જીલ્લા પંચાયત બેઠકના તમામ મતદારોનો હૃદય-પૂર્વક આભાર માન્યો હતો. તિથવા જીલ્લા પંચાયત બેઠકના લોકલાડીલા વિજેતા ઉમેદવાર હફીઝાબેન ઈસ્માઈલભાઈ બાદીએ પોતાના મતવિસ્તારના તમામ મતદારો, કોંગ્રેસના કાર્યકરો, સામાજિક-રાજકીય આગેવાનો અને ખેડૂતોનો તેમને જંગી બહુમતીથી વિજયી બનાવવા બદલ જાહેર આભાર વ્યક્ત કર્યો છે. ચુંટણી જાહેર થઈ ત્યારથી પરિણામ જાહેર થયા સુધી તિથવા જીલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર હફીઝાબેન ઈસ્માઈલભાઈ બાદીને વિજયી બનાવવા માટે તનતોડ મહેનત કરનાર તમામ કાર્યકરો, કોંગ્રેસના આગેવાનો અને આ વિસ્તારના મતદારો જેમણે તેમના પર વિશ્વાસ મુકી અને કોંગ્રેસ તરફી જંગી મતદાન કરી તેમને વિજય બનાવનાર તમામ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે જ તેમણે આગામી સમયમાં આ વિસ્તારના તમામ પ્રશ્ને શક્ય તમામ પ્રયાસો કરી અને વિકાસ માટે સહભાગી બનશે તેવો મતદારોને વિશ્વાસ અપાવ્યો છે.

## ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. આણંદમાં ગ્રુપ કમાંડર-એ કમ્બાઈન વાર્ષિક તાલીમ શિબિરની મુલાકાતે

ચક્રવાત ટીમ આણંદ, તા.૦૩

તા.૦૧ માર્ચ થી ૦૩ માર્ચ ૨૦૨૧ સુધી બટાલિયન કમાંડરનાં નેતૃત્વ હેઠળ કોવિડ-૧૯ની સરકારની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને એન.એસ.પટેલ આટ્ર્સ કોલેજમાં કમબાઈન એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ ૦૧ માર્ચ એ સવારે શરૂ કરાયો જેમાં ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. સંલગ્ન ગર્લ્સ કેડેટ દો ગજ કી દૂરી, સાથે માસ્ક ઔર સેનીટાઈઝર ભી અતિ જરૂરી ગાઈડ લાઈનને અનુસરીને કેમ્પમાં સહભાગીદાર થયા હતા. ચાલુ વર્ષે કોરોનાની મહામારીમાં કેડેટો 'બી પ્રમાણપત્ર પરીક્ષા' માટે જરૂરી સાવધાની સાથે આ વાર્ષિક તાલીમ શિબિર જે રીતે આગળ રહીને પોતાનાં વાલીની સંમતિ લઈને ઉત્સાહભેર ભાગ લીધો તે માટે બ્રિગેડિયર આર.કે. ગાયકવાડ, ગ્રુપ કમાંડર વલ્લભ વિદ્યાનગર ખૂબ જ પ્રસન્ન થયા. ગ્રુપ કમાંડરે કેડેટને કોરોના જેવાં નકારાત્મક પ્રભાવમાં સકારાત્મક રીતે કેમ ટકી રહેવું, તે અંગે તેમજ નૈતિક મૂલ્યોનું મહત્વ




વિશે પણ સુંદર રીતે સમજ આપી. આ કેમ્પમાં કેમ્પ કમાન્ડન્ટનાં માર્ગદર્શનથી મેજર પ્રતિક્ષા પટેલ, લેફ્ટ. કૃતિકા દેવમુરારી, લેફ્ટ. સવિતા યાદવ સુબેદાર કનુભાઈ ઠાકોર, હવાલદાર સંતોષ કુમાર તેમજ અન્ય નિષ્ણાત સ્ટાફ દ્વારા એન.સી.સી. ની 'બી' પ્રમાણપત્ર પરીક્ષા માટે વિવિધ વિષય જેવા કે પરેડ, નકશા અધ્યયન, ફિલ્ડ ક્રાફટ, બેટલ ક્રાફટ, માહિતી સંચાર, વીરતા પુરસ્કાર વિજેતા ઓ ની સ્ટોરી, મિલેટરી ઈતિહાસ, માનવ સંસાધન સંચાલન, સામાજિક સેવા, વ્યક્તિત્વ વિકાસ અને જીવન કૌશલ્ય, રાષ્ટ્રીય સુરક્ષા,સાયબર સિક્યોરિટી, કુદરતી આપત્તિ વ્યવસ્થાપન, હથિયાર પ્રશિક્ષણ, રાયફલ સાથે પરેડ જેવા વિષયોની તૈયારી કરાવવામાં આવી રહી છે. કેમ્પમાં ભાગ લઈને કેડેટ બી અને સી પ્રમાણપત્રની તૈયારી કર્યા પછી આર્મી ઓફિસર, પોલીસ ઓફિસર તેમજ સિવિલ સર્વિસની પરીક્ષામાં પસંદગી પ્રક્રિયામાં તો આગળ વધશે જ સાથે બોનસ પોઈન્ટનાં પણ હકકદાર બનશે. તદ ઉપરાંત કેડેટ જીવનનાં પ્રત્યેક ક્ષેત્રમાં સફળ થઈ એક આદર્શ નાગરિક તરીકે સેવારત થવાનો આદર્શ ગુણ કેળવી સમાજ સેવા, રાષ્ટ્ર સેવા, નેતૃત્વ વિકાસ, વ્યક્તિત્વ વિકાસ જેવાં ગુણોથી એન.સી.સી.ની એક અલગ પ્રકારે ઓળખાણ આપી રહ્યાં છે. કેમ્પની પૂર્ણાહુતિ તા.૦૩ માર્ચનાં રોજ કરવામાં આવશે. આ કેમ્પમાં કોવિડ-૯ માં ગ્રુપ કમાન્ડરે કોરોનાનાં લક્ષણ, શું સાવચેતી રાખવી, શું ના કરવું વગેરે સુંદર રીતે સમજ આપી હતી.

## ઉંડ-૧ સિંચાઈ યોજના અંતર્ગત કેનાલમાં પાણી છોડાયુ



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૩

જામનગર કાર્યપાલક ઈજનેરની કચેરી ખાતે ઉંડ-૧ સિંચાઈ યોજનાના લાભાર્થી ખેડૂતો અને સરપંચની એક મીટીંગનું આયોજન કરેલ જેમાં ફ્લા સેક્સનમાં તળાવ ભરવા માટે અને ઉનાળુ સીઝન માટે પાણી કેનાલમાં છોડવા માટેની રજુઆત થયેલ છે. જેમાં ખારવા જિલ્લા પંચાયત સીટના તાજેતરમાં વિજય થયેલ સદસ્ય લખધીરસિંહ જાડેજા. રોજીયા અને લીંબુડા ગામના સરપંચ બીપીનભાઈ નગપરા. APMC જોડિયાના ડાયરેક્ટર જીતેન્દ્ર ભાઈ ગાભવા, લીંબુડા ગામના ખેડૂત આગેવાન પ્રવીણભાઈ મારવાણીયા, વાવડી ગામના કારૂભાઈ, ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ ઉંડ-૧ ડેમમાંથી કેનાલમાં પાણી છોડવામાં આવેલ છે. આ પાણીથી નીચેના ગામોના સોયલ, નેસડા, વાવડી, લીંબુડા, નથુવડલા અને હડિયાણા તળાવમાં પાણી ભરાવાથી ખેડૂતોને ફાયદા કારક રહેશે.

## રાજકોટ સિવિલની મેડીકલ કોલેજમાં ફર્સ્ટ યરના પાંચ વિદ્યાર્થીઓ કોરોનાગ્રસ્ત થયા

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૩

રાજકોટમાં મહાપાલિકાની ચૂંટણી બાદ કોરોના કેસો વધી રહ્યા છે ત્યારે આજે રાજકોટ સિવિલ હોસ્પિટલની મેડીકલ કોલેજમાં કોરોનાનો ફફડાટ ફેલાયો છે. ફર્સ્ટ યરના પાંચ વિદ્યાર્થીઓ કોરોનાગ્રસ્ત થયા છે. પાર્ટ એન્ડીંગની પરીક્ષા યોજાઈ તે પહેલા જ કોરોનાએ તરખાટ મચાવતા ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ સાથે જ અન્ય વિદ્યાર્થીઓના ટેસ્ટીંગ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. સિવિલની મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થતા જ આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે. કોરોના પોઝિટિવ આવેલા વિદ્યાર્થીઓના સંપર્કમાં આવેલા અન્ય વિદ્યાર્થીઓ અને અન્ય લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવશે. રાજકોટમાં આજે સાંજ સુધીમાં કોરોનાના નવા ૫૨ કેસ નોંધાયા છે. જેમાંથી ૪૫ કેસ રાજકોટ કોર્પોરેશન વિસ્તારમાં નોંધાયા છે. જ્યારે ૩૯ દર્દીઓ સાજા થયા છે.

## વાંકાનેર તાલુકાના સિંધાવદર ગામે જાહેરમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૩

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ગઈકાલે ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના સિંધાવદર ગામે હનુમાનજીના મંદિર પાસે આવેલ ખુલ્લા પટ્ટમાં ગંજીપતાના પાના પૈસા વડે તીનપત્તીનો હારજીતનો નસીબ આધારીત જાહેરમા જુગાર રમતા જેન્તીભાઈ કરશનભાઈ મકવાણા, ગીરીશભાઈ તુલસીભાઈ મકવાણા, ગીરીરાજભાઈ ખેંગારભાઈ મકવાણાને રોકડ રકમ રૂ. ૨,૧૭૦ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## લુણાવાડા વોર્ડ નં.૫ બ્રાન્ચ શાળા પાસે ગંદકીનુ સામ્રાજ્ય



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૩

મહીસાગર જિલ્લાના લુણાવાડા નગરના શહેરમાં વોડ નં ૫ બ્રાન્ચ શાળા નં.૨.સામે ગંદકીનું સામ્રાજ્ય બની ગયું છે. ગંદકીનુ સામ્રાજ્ય હોવાના કારણે આજુબાજુના રહીશો તેમજ અવરજવર કરવા ભારે મુશ્કેલી થાય છે. આમ વોર્ડના સભ્યોને કેટલી રજુઆત કરવા છતાં પણ તંત્રનુ પેટમાંથી પાણી પણ હાલી શક્યુ નથી. વોર્ડના સભ્યોને ફક્ત ચૂંટણીની ટાણે વોટ લેવામાં રસ હોય તેવુ લાગી રહ્યું છે. શુ તંત્ર દ્વારા ગંદકીનુ સામ્રાજ્ય દુર કરવામાં આવશે કે નહી તેવા આજુબાજુના રહીશો વિચારી રહ્યા છે.

## કોરોના રસીનો બીજો ડોઝ લીધા પછી વ્યક્તિનું મોત પરિવારજનો પાસેથી તપાસની માંગ

**પરિવારજનો પાસેથી તપાસની માંગ**

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૩

દેશભરમાં કોરોના રસીકરણના બીજા તબક્કાની શરૂઆત થઈ છે. આ રસી વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવી રહી છે. આ ઉપરાંત વિવિધ રોગોથી પીડિત દર્દીઓને આ રસી આપવામાં આવશે. દરમિયાન રસીકરણ કેન્દ્ર પર કોરોના રસીનો એક આઘાતજનક પ્રકાર અપાયો હતો. કોવિડ રસીકરણ કેન્દ્રમાં કોઈ વ્યક્તિએ બીજો ડોઝ લીધા પછી મૃત્યુનો આઘાતજનક કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના ભિવંડી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ભાગ્યનગર કામતઘરની છે. ૪૧ વર્ષીય સુખદેવ મહિપતિ કીર્દતનું અવસાન થયું છે. સુખદેવે કોરોનાનો બીજો ડોઝ લીધા પછી તેને ચક્કર આવી. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડાયો હતો. સુખદેવને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં તેમનું મોત નીપજ્યું હતું. સુખદેવના મોતનું કારણ હજી સ્પષ્ટ નથી. તેના પરિવારે પતિની મોતનાં કારણની તપાસની માંગ કરી છે. સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે, શબપરીક્ષણ પછી જ ચોક્કસ કારણ જાણવા મળશે.

## સંતરામપુર તાલુકાના ગુવાલીયા ગામે એક જ પરિવારના ચાર સભ્યોના મોત : સમગ્ર ગામમાં શોક

ચક્રવાત ટીમ સંતરામપુર, તા.૦૩

તાલુકાના ગુવાલીયા ગામે થયેલા માર્ગ અકસ્માતમાં માતા પિતા અને તેમના બે બાળકોના કરુણ મોત નિપજ્યા હતા.જેમા મૃતકોની નીકળેલી અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.ઉપસ્થિતોની આંખો પણ આંસુથી છલકાઈ ગઈ હતી.



સંતરામપુર તાલુકાના ગૂવાલીયા ગામે રહેતા પ્રતાપભાઈ પૂજાભાઈ પાદરીયા અને તેમની પત્ની ભુરીબેન તેમની પુત્રી પલકબેન, પુત્ર ધ્રુવકુમાર પાદરીયા રોડ પાસેથી પસાર થતા હતા તેવામા ગફલતભરીને ફોરવ્હીલ વાહન હંકારીને આવતા ચાલકે ચારેય જણને અડફેટે લીધા હતા. જેમા ઘટના સ્થળે પિતા,પુત્ર,પુત્રીના મોત નિપજ્યા હતા, અને માતાનુ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. પરિવારના અન્ય સભ્યોને આ મામલાની જાણ થતા જાણે તેમના પર આભ તુટી પડ્યુ હતૂ.ગામમા પણ શોકનુ મોજુ ફરી વળ્યુ હતુ. મૃત્યુ પામનાર પરિવારના સભ્યોની એક સાથે અર્થી ઉઠતા ગુવાલીયા ગામ જાણે હીબકે ચઢ્યુ હતૂ. સ્મશાનયાત્રામા ઉપસ્થીત સૌ કોઈની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. તેમના અંતિમ સંસ્કારમા મોટી સંખ્યામા લોકો ઉમટ્યા હતા.

## શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી

ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૦૩

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા ૨૪મી ફેબ્રુઆરીથી ૨૮મી ફેબ્રુઆરી સુધી રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવેલ જે અંગે માહિતી આપતા લોકવિજ્ઞાન કેન્દ્રના કો- ઓર્ડિનેટર નરેશભાઈ ગુંદરણીયા દ્વારા જણાવવામાં આવેલ કે દેશમાં ઈ.સ. ૧૯૮૬થી પ્રતિ વર્ષ ૨૮ ફેબ્રુઆરીના રોજ નેશનલ સાયન્સ ડે ઊજવવામાં આવે છે. પ્રોફેસર સી.વી. રામને આ દિવસે કલકત્તામાં એક મહાન ખોજ કરી હતી, જે રામન ઈફેક્ટના રૂપમાં પ્રસિદ્ધ કરવામાં



આવી હતી. સી.વી. રામનને તેમની આ ખોજ બદલ ઈ.સ. ૧૯૩૦માં નોબલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો મૂળ હેતુ યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમ જ પ્રોત્સાહિત કરવા અને સામાન્ય જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો છે. જે અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિજ્ઞાન દિવસ ને કંઈક અનોખી રીતે ઉજવવામાં આવેલ જેમાં પરંપરાગત ઘરેલુ વૈજ્ઞાનિક રમકડા, ઓનલાઈન સાયન્સ ક્વિઝ, ઓનલાઈન નિબંધ સ્પર્ધા, ઓનલાઈન વકૃત્વ સ્પર્ધા, રોકેટરી વર્કશોપ, અંધશ્રદ્ધા નિવારણ પ્રોગ્રામ, આકાશ દર્શન જેવા વિવિધ કાર્યક્રમો કરવામા આવેલા. જેમાં સ્વ. ડી.એમ. બારડ હાઈસ્કુલ - આજોઠા તથા કન્યા શાળા - આજોઠા અને લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગોવિંદભાઈ ભૂતિયા દ્વારા અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ કરવામાં આવેલ આ તમામ કાર્યક્રમમાં કુલ ૩૨૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. ત્યારબાદ ચગીયા પ્રાથમિક શાળા - ચગિયા તાલુકો સુત્રાપાડા મુકામે લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન દિવસની ઉજવણી અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા તથા વૈજ્ઞાનિક સાધનો ની સમજ વિજ્ઞાન પ્રયોગ નિદર્શન જેવા કાર્યક્રમો કાકુભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમમાં ભાગ લીધેલ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા નંબર મેળવેલ દરેક સ્પર્ધકને પ્રોત્સાહક ઈનામ તથા પ્રમાણપત્ર લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા એનાયત કરવામાં આવેલ.

## ઉપલેટા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ તેમજ આમ આદમી પાર્ટીના પ્રમુખની ભાજપ ઉમેદવાર સામે હાર

ચક્રવાત ટીમ ઈમરાનભાઈ, તા.૦૩

ઉપલેટામાં તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠક અને રાજકોટ જિલ્લા પંચાયતની ૦૩ બેઠકો પર યોજાયેલ ચૂંટણીઓના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે જેમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોને ૮-૮ બેઠકો મળી છે અને સાથે બાકી બે બેઠકો પર અપક્ષ આવી છે જયારે રાજકોટ જિલ્લા પંચાયતની ઉપલેટાની ત્રણ બેઠકોમાં એક ભાજપ જયારે બે સીટો કોંગ્રેસને ફાળે ગઈ છે.

ઉપલેટા તાલુકા પંચાયતની મોજિરા બેઠકના પરિણામ પર સૌ કોઈની નજર હતી કારણ કે આ મોજીરા બેઠક પર ઉપલેટા તાલુકા પંચાયતના કોંગ્રેસ પક્ષના પૂર્વ પ્રમુખ લાખાભાઈ ડાંગર તેમજ ઉપલેટા







આમ આદમી પાર્ટીના પ્રમુખ રાણીબેન ઉટડિયા અને ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચંદ્રવાડિયા વચ્ચે મહા જંગ હતો જેમાં ભાજપના પ્રથમ વખત તાલુકા પંચાયતની ઉમેદવારી કરી કરી રહેલા વિનોદભાઈએ મોજીરા બેઠક જીત મેળવી અને સામે ઊભેલા બન્નેને હરાવી દીધેલ છે ત્યારે આવી અગત્યની બેઠક પર ભાજપના વિનોદભાઈ ચંદ્રવડિયાની જીત થતાં ભાજપમાં જીતનો જશ્ન અને ખુશીઓ જોવા મળી હતી તો સામે ઉપલેટા તાલુકા પંચાયત કોંગ્રેસ પક્ષના પૂર્વ પ્રમુખ અને ઉપલેટા આમ આદમી પાર્ટીના પ્રમુખની હાર થતાં બન્ને હારેલ ઉમેદવારોમાં નિરાશા જોવા મળી હતી. તાલુકા પંચાયતની ૧૮ બેઠકોમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોને હાલ સમાન બેઠકો મળી છે જ્યારે અપક્ષના બે ઉમેદવારોની જીત મળી છે ત્યારે આવનારા દિવસોમાં અપક્ષ ઉમેદવારો કિંગ મેકર બનશે તેવી પણ રાજકીય ચર્ચાઓએ ઉપલેટા અને આસપાસના વિસ્તારોમાં ખૂબ જ જોર પકડ્યું છે અને આવનારા દિવસોમાં અપક્ષ કોને સાથ આપશે તે તો આવનારા દિવસોમાં જ ખ્યાલ આવશે.

તંત્રીસ્થાનેથી......

# સરકારે જાહેર કરેલા સોશિયલ મીડિયાના નવા નિયમો તમને કેવી રીતે અસર કરશે?


કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા કંપનીઓ તથા ઓ.ટી.ટી. પ્લેટફોર્મનું નિયમન કરવા માટે નવા નિયમોની જાહેરાત કરી છે. સરકારનું કહેવું છે કે સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ ઉપરથી વાંધાજનક સામગ્રી તાત્કાલિક હઠી જાય તથા તપાસની પ્રક્રિયા દરમિયાન કંપનીઓ સરકારી એજન્સીઓને સહયોગ કરે તે માટે આ જાહેરાત કરવામાં આવી છે. તાજેતરમાં લાલ કિલ્લા હિંસા દરમિયાન માઈક્રો-બ્લૉગિંગ પ્લૅટફૉર્મ ટ્વિટર દ્વારા સરકારી એજન્સી દ્વારા ચિહ્નિત હેન્ડલ્સને અનબ્લૉક કરી દેવામાં આવ્યા હતા, જેથી આ પ્રકારના નિયમન આવશે તેવી અટકળો હતી. સરકારનો દાવો છેકે દેશની એકતા, અખંડિતતા, સાર્વભૌમત્વ ; મહિલાઓની ગરિમા, કોમી સૌહાર્દ અને વંશીય હિંસાને નાથવા માટે નિયમન જરૂરી છે. પરંતુ 'ઍન્ડ-ટુ-ઍન્ડ ઍન્ક્રિપ્શન'ની વચ્ચે ટેક જાયન્ટ્સ નવા નિયમોનું પાલન કેવી રીતે કરશે, તે એક સવાલ છે. સોશિયલ મીડિયા માટે વ્યવસ્થાસંબંધિત નિયમો ત્રણ મહિના બાદ લાગુ થશે જેથી કંપનીઓ આ માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરી શકે. જ્યારે અન્ય નિયમો નૉટિફિકેશનના પ્રકાશનની સાથે તાત્કાલિક અસરથી અમલમાં આવશે.છે. કેન્દ્રીય ઈન્ફર્મેશન ટેકનૉલૉજી મંત્રી રવિશંકર પ્રસાદે ગુરુવારે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન નવા નિયમો અંગે માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે સરકારવિરોધી ટીકા તથા વિરોધી મત આવકાર્ય છે. સાથે જ ઉમેર્યું કે લાંબા સમયથી સોશિયલ મીડિયાના દુરુપયોગ સામે અવાજ ઉઠી રહ્યો હતો, એટલે 'સોશિયલ મીડિયાના દુરુપયોગ સામે સોશિયલ મીડિયાના યૂઝરને ફરિયાદ કરવા માટે કોઈ મંચ મળે તે જરૂરી છે.



યાકુબ બાદી
તંત્રી

સરકારે સોસીયલ મિડિયા પર લગામ લગાવવા માટે બનાવેલા નવા નિયમો મુજબ સોશિયલ મીડિયા કંપનીઓએ ચીફ કમ્પ્લાયન્સ ઓફિસરની નિમણૂક કરવાની રહેશે, જે દેશના કાયદાઓ અને નિયમોના પાલન માટે જવાબદાર હશે. સોશિયલ મીડિયા કંપનીઓએ નૉડલ ઓફિસરની નિમણૂક કરવાની રહેશે, જે દેશની કાયદો અને વ્યવસ્થા માટે કામ કરતી એજન્સીઓ સાથે સંકલનની કામગીરી કરશે તથા તે સાતેય દિવસ, ચોવીસેય કલાક ઉપલબ્ધ રહેશે. આ સિવાય ફરિયાદ નિવારણ માટે અધિકારીની નિમણૂક કરવાની રહેશે, નિયમોના ભંગ સંદર્ભે મળેલી ફરિયાદોનું નિવારણ કરશે તથા આ અંગે માસિક અહેવાલ પણ પ્રકાશિત કરવાનો રહેશે. કંપનીઓએ ૨૪ કલાકની અંદર વપરાશકર્તાની ફરિયાદ લેવાની રહેશે તથા ૧૫ દિવસની અંદર તેનો નિકાલ કરવાનો રહેશે. મહિલાઓની ગરિમાને નુકસાન પહોંચાડે તેવી અશ્લીલ સામગ્રી, પ્રાઈવેટ પાર્ટ્સની તસવીરો કે જાતીય સંબંધની તસવીરો તથા કોઈના નામે અકાઉન્ટ બનાવવા જેવી બાબતોમાં ફરિયાદના ૨૪ કલાકની અંદર કાર્યવાહી કરવાની રહેશે. જો કંપની દ્વારા કોઈ સોશિયલ મીડિયા યૂઝરની સામગ્રીને હઠાવવામાં આવે તો તેને કારણ આપવું પડશે અથવા તેને સાંભળવાના રહેશે. સોશિયલ મીડિયા પબ્લિશરે જાતે નિયમન કરવાનું રહેશે, તેમની ઉપર કંપનીઓના સમૂહની નિયમન સંસ્થા હશે અને જરૂર પડ્યે સરકારી તંત્ર પણ નજર રાખશે. ઓ.ટી.ટી. પ્લૅટફૉર્મો દ્વારા તેમની સામગ્રી માટે ઉંમર આધારિત (૧૩+, ૧૬+) વર્ગીકરણ કરવાનું રહેશે તથા જે સામગ્રી ૧૩ વર્ષથી ઉપરના લોકો માટે હોય, તેની ઉપર પેરેન્ટલ લૉક પણ રાખવાનું રહેશે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




### પ્રકરણ ૮૦

મેળો...એક રીતે જોઈએ તો માનવસમૂહ. અત્યાર સુધી સીમિત વ્યક્તિઓ વચ્ચે રહીને વિકસેલું મારું વ્યક્તિત્વ હવે લોકસમૂહ વચ્ચે વિકસી રહ્યું હતું. થોડું નવું અને અજીબ લાગતું હતું. રાજકોટથી શરૂ થયેલી મારી યાત્રાને હજુ માંડ સવા વર્ષ થયું હતું. આ સમયનો લગભગ દરેક દિવસ હું જીવ્યો હતો. કેટલાંય સારા અને ખરાબ અનુભવો મારું ઘડતર કરી રહ્યા હતા.

હું મારી લાઈફ અને એની સાથે જોડાયેલા લોકો વિશે કારણો શોધતો રહેતો...હું ભૂલભુલામણીમાં અટવાઈને અનેક શક્યતાઓ તપાસતો રહેતો. છેલ્લે ખુદને ખોઈ નાખવાની બીકે ખાલી હાથે પાછો વળી જતો. હું એટલું ચોક્કસ માનતો થયો કે 'મારી સાથે બનેલ દરેક ઘટના અને મળેલ દરેક વ્યક્તિ સાથે કશુંક કારણ ચોક્કસ જોડાયેલું છે. ભલે વહેલું કે મોડું મને એ જડી રહેશે એટલું નક્કી હતું.

"હાલો પોરબંદર બસસ્ટેન્ડ..લાસ્ટ સ્ટોપ." કંડકટરની બૂમ સાંભળી હું વર્તમાનમાં આવ્યો. કાલની આખી રાતનો ઉજાગરો કર્યા બાદ સવારે ઘરે જઈ મુલાકાતની નોટ્સ બનાવી હતી. એમાં જ બે કલાક નીકળી ગયેલા. થોડું ઉંઘ ખેંચવાનું વિચાર્યું. પરંતુ મારી નિદ્રારાણી સાથેના પ્રેમથી સારી રીતે વાકેફ હતો. એટલે ઊંઘ કરવાનું માંડી વાળ્યું. મળી એ પહેલી બસમાં પોરબંદર તરફ પ્રયાણ કર્યું. પોણા રસ્તા સુધી ઊંઘ ખેંચી. કુતિયાણા બસે વોલ્ટ કર્યો ત્યારે હું તાજોમાજો થઈ ગયો હતો. બસ સાથે મારી વિચારયાત્રા પણ આગળ વધતી ગઈ. જે બસસ્ટેન્ડે આવીને અટકી.

કાલે પ્રિયા સાથેની મેળાની યાદગાર જર્ની પછી આજે પણ આવી જ કોઈ સરપ્રાઈઝ માટે સુપર એક્સાઈટેડ હતો. મને આશા હતી આજે પણ આવું કંઈક જડી રહેશે. રીક્ષા કરી મેળે પહોંચ્યો. કેમેરો સજાવી મેળામાં ફરવા માંડ્યો. કાલે રાજકોટ બાદ આજે હું કોઈ અલગ જ પ્રદેશમાં આવી ગયો હોય એવું લાગ્યું. આ દરિયાના દીકરા કહેવાય એવા ખારવાઓનું કલ્ચર હતું.

ચારેબાજુ જુવાની તરવરાટથી ફાટફાટ થઈ રહી હતી. એની પાણીદાર આંખોમાં દરિયાઈ મોજમાં લહેરાતી હોડીની જેમ સાહસ ઉછળકૂદ કરતું હતું. અહીંની સ્ત્રીઓના ગળા જાણે સોનાથી લદાયેલાં હતાં. હું એમના ચહેરાનું તેજ આંખનો પલકારો માર્યા વિના નીરખી રહ્યો. આ મેળાની ખાસિયત એના કપડાં હતાં. અહીંયા પોશાક, આંટીયારી પાઘડીઓએ પોતાની સંસ્કૃતિ આબાદ રીતે સાચવી હતી. અહીંયા જીન્સ - ટીશર્ટ કે લેગીસ-કુર્તિને બદલે માણસો પરંપરાગત પોશાકમાં વધુ કમ્ફર્ટ ફીલ કરતાં હતા.

એટલામાં મારી નજર આવી રહેલી બાઈકોની સવારી પર પડી. મોટા સિટીમાં હોય એવા મોંઘા બાઈકોનું જાણે સરઘસ નીકળ્યું હતું કે શું....! મારા માટે આ સાવ નવું હતું. દરેક બાઈકમાં કપલ બેઠું હતું. એમને જોઈને લાગી રહ્યું હતું. હજુ જાણે તાજા જ પરણેલાં ના હોય.....! દરેક બાઈક જાણે રેસ લગાવતી હોય એમ હવાને ચીરતી આગળ વધીને ગોળાઈ પર અદ્રશ્ય થઈ જતી. એમાંય લાઈફ પાર્ટનર પાછળ બેઠી હોય એટલે પુરુષના પુરુષાતનને શૂરાતન ચડવામાં શું બાકી રે......!

"આટલી બધી બાઈકો એકસાથે ક્યાં જઈ રહી છે ?" મેં બાજુમાં ઉભેલી ભેળની રેંકડીવાળા ભાઈને પૂછ્યું.

"તમ પેલી વર આઈવા લાગો સ ?. આવુ તો દર આઠમે થઈ. ભઈ સાચું કવ હન્ધુય તો મનય નથ ખબર....તાર જણવું હોવ તો ઓલો કાળું રોય ને ઈ કેહે. ઈ આ મલકનો ભોમિયો સ." મારો જવાબ સાંભળવાની રાહ જોયા વિના એને કાળુને બૂમ મારી. "એ કાળીયા.... એ કારીયા તને કવ છું...છોરિયું જોઈ નથને ભાન ભૂલયો નથ."

કાળુ બૂમ સાંભળીને મારી પાસે આવ્યો. "બોલય ને પશાકાકા...હું કયુનો રાડરાડ થ્યો સ..?"

"આ ભઈને અઈ મેળામાં ને આપણાં પોય'રે માં ફરવું સ. માટી જુવાન લાગે સ. આપણ મે' માન ગણી ફેરવી દ. આ વછેડા જેવા છોરાને આપણી મે' માનગત યાદ રેવી જોઈઅ." પાશકાકા બોલ્યા.

હું તેમની વાત સાંભળી અવાચક થઈ ગયો. મેં તો હજુ ખાલી મેં બાઈક વિશે પૂછ્યું. ત્યાં તો પશાકાકાએ સીધોમને તેનો મહેમાન બનાવી દિધો. આવું તો મેં સપનેય વિચાર્યું નહોતું. આ પોય' રે ફેરવવું એટલે મને ક્યાં લઈ જવા માંગતા હતા.

'હાલ ભે...મારા કાકાએ સેવાની દુકાન માંડી સ. બોલ ક્યાંથી શરૂ કરશું ?" કાળુંને જાણે પરાણે ફરજ પડાતી હોય એમ લાગ્યું.

"એક મિનિટ...મેં તો ખાલી આ બાઈકની સવારી વિશે પૂછેલું. ત્યાં તો પાશકાકાએ તને બોલાવી લીધો. અને આ આ....પોય ' રે એટલે ?..તમે બંને મળીને મને ક્યાં લઈ જવા માંગો છો. મને કેશો નહીં ત્યાં સુધી હું તમારી સાથે નહીં આવું....?" મને થોડું અજાણ્યું અને જોખમી લાગતાં હું ડર સાથે બોલ્યો.

એ બંને એકબીજા સામે જોઈને હસી પડ્યા. "કાકા આતો હાહલા જેવ બીકણ નિહર્યો. એ ભાઈબંધ.. તું આ મલકમાં નવો લાગે સે. અને ફરવા આવ્યો હોય એવું લાગે સે. અહીંયા કેમેરો લઈને આમ ફરતો રઈશ તો એકાદ રમતિયાળ જુવાન ટોળાની ઝપટે ચડી જઈશ. સાજો નરવો ઘરે તો ઠીક મેળાની બાર રેય નઈ નીકળી હઈક. હું તારી હાઈરે રઈશ તો કોઈ તારી હામુ પણ નઈ જુવે. તું એય ને મોજથી મેળામાં માહલજે. હું અહીંયા લોકલ ગાઈડ તરીકે કામ કરું છું." એને પોતાનું કાર્ડ દેખાડ્યું.

મને હવે વિશ્વાસ બેઠો. મને તો જોતું તું એ જડી ગયું. સાથે તેને વાત કરી પછી મેળા વિશે ડર પણ લાગ્યો. આ મેળામાં જવાય ? કંઈ મુસીબત આવે તો કાળુ મને ખરેખર બચાવશે ? ડર સાથે લાલચ પણ હતી. કશુંક પામી લેવાની. જેના માટે હું અહીંયા સુધી આવ્યો હતો. હું ગડમથલમાં હતો. આખરે કાળુ સાથે જવાનું નક્કી કર્યું.

"આ પોય 'રે એટલે કઈ જગ્યા ? એ અહીંથી કેટલે દૂર આવી ? પેલા ન્યા જાશું કે મેળામાં ફરશું ? અને ભાઈબંધ તારી ગાઈડની ફી કેટલી છે ?"

"પશાકાકા હું સુ કરવા ભણવા ની ના પાડતો હવે સમજાનું....? ભણેલાને ચોપડીના બે પૂંઠા વચ્ચેનું જ ખબર હોય...? જોઈ લો આ નમૂનો..! અલા ભાઈ...આ પોરબંદરને જ પોય' રે કેવાય. હું તને બીજે ક્યાંય નથી લઈ જવાનો. અહીંયા ગામમાં ફેરવીશ અને છેલ્લે ચોપાટીએ લઈ જઈશ. તું ય મારી જેમ ઠનઠન ગોપાલ જ હઈશ. ફઈરા પછી મોજ પડે ને ખીસ્સામાં કાંઈ વધે એમ હોય તો આપજે. નઈ તો મેળો કરવા આઈવા એક મે' માન ને સાઈચવાતા એમ માની લઈશ." એ મારા અજ્ઞાન પર મરક મરક હસી રહ્યો હતો.

મને આટલી સામાન્ય વાત ખબર હોવાની શરમ આવી. એની આટલી ખુલ્લા દિલની વાત પછી મારી પાસે ના પાડવાનું કોઈ કારણ નહોતું. પાશકાકાએ અમને બે'ય ,ને ધરાર ભેળ ખવડાવીને વિદાય આપી.

સાત કલાક...એને વીજળીવેગે મને બધે ફેરવ્યો. મેળાથી લઈ પોરબંદરના ઈતિહાસનો પરિચય આપ્યો. મર્દાનગી અને ખાનદાનીના કેટલાય કિસ્સા કીધા. ખારવાની દરિયાઈ સફરોની વાતો કહી. નાનપણમાં ફક્ત પ્રવાસમાં દરિયો મુગ્ધતાથી જોયેલો. આજે ચોપાટીની રેતીમાં રાતના અંધકારમાં દરિયાની અસલિયત જાણી. કોઈ સંગીતની ધૂનમાં ઘૂઘવાતાં મોજા જોડે પ્રેમ થઈ ગયો.

સાગરે મને એક સારો લિસનર બનાવ્યો હતો. એ ગાઈડ હતો. એને માણસ પ્રમાણે બોલી અને વેશ બદલતાં આવડતું હતું. મારી સાથે એને મારી ભાષામાં વાતો કરી. એને બોલ્યા કર્યું . મેં સાંભળ્યા કર્યું. અમે કીર્તિમંદિરે સાંજની પ્રાર્થનાસભામાં પણ ભાગ લીધો. એને ગૂગલ મેપ કે ટુરિસ્ટ ગાઈડમાં ના હોય એવી ખૂબસૂરત જગ્યાઓની મુલાકાત પણ કરાવી. ખારવઓના રહેઠાણની ગીચ ગલીઓમાં ફેરવ્યો. એના ઘરનું ભોજન ભાવપૂર્વક જમાડયું. એ ભાતની મીઠાસ હું આજે પણ ભૂલી નથી શકતો.

એના મોઢે અહીંના ગેંગવોરની કહાની સાંભળી. એનો ઈતિહાસ મુંબઈ અંડરવર્લ્ડના ગેંગવોરને પણ ટક્કર મારે એવો હતો. હું જાણે કોઈ ફિલ્મની વાર્તા સાંભળી રહ્યો હોય એમ લાગ્યું. એની વાતો ખૂટી નહીં. એક અલ્પવિરામ પાસે આવીને ઉભી રહી. કદાચ સમય એને અટકાવી રહ્યો હતો. એ હવે ઘરે જવાની રજા માંગી રહ્યો હોય એવું લાગ્યું.

"ભાઈબંધ..રાતના અગિયાર વાગ્યા સ. આખી રાત બેહવું હોય તો ય વાંધો નથી. મારી પાસે વાતોનો ખજાનો નહીં ખૂટે. પણ આ દરિયે ના બેસાય. કા મારે ઘરે જઈએ કા તારે જ્યાં રેવાનું હોય ન્યા તારે ઉતારે જઈ. જો તું મારી વાતું સાંભળી કંટાળ્યો હોય તો છુટા પડીએ." એ બોલીને મારા નિર્ણયની રાહ જોવા લાગ્યો.

કાલની રાતનો ઉજાગરો અને આજની રખડપટ્ટી શરીર આરામ માગતું હતું. પણ મારે એની પાસેથી ઈતિહાસનો લૂંટાય એટલો ખજાનો લૂંટી લેવો હતો. શું કરું ? મેં આખરે સફરને આ પોઈન્ટ પર અટકાવવાનું નક્કી કર્યું.

"ભાઈબન્ધ હું રાજકોટ જવા નીકળી જાવ એ જ સારું રહેશે. હજુ હું તારી વાતોથી ધરાતો નથી. હું પાછો ચોક્કસ આવીશ. આપણી મુલાકાત અધૂરી રહી." મેં કહ્યું.

"અરે ...ભેરુ ગમે ત્યારે સાદ દેજે. સૌરાષ્ટ્રના દરિયાના ગમે ઈ ગામનું કામ પડે ત્યારે મને યાદ કરજે. આપણે ખારા પટમાં આપણે મીઠી વીરડી જેવા સંબંધો બધે વાવ્યા છે. તને ક્યાંય અટકવા નહીં દવ. ભલે તું સુધરેલો અને સિટીનો ભણેશરી ભાઈબન્ધ રયો. મારા લગ્નમાં તારે આવું પડશે." એનેય છુટા પડવાનું મન નહોતું થાતું.

હું એની દરિયાદીલી, ભાઈબન્ધી કે મહેમાનગતિ, ખાનદાની જે કહો તે માણીને આભો બની ગયો. સાત કલાકના સહવાસમાં મેં એના સાતફેરામાં હાજર રહેવાની લાયકાત મેળવી લીધી હતી. મને આજની સફરની મળેલી મહામૂલી ભેટ હતી. હું કંઈ બોલી ના શક્યો. ભીની આંખે એને પ્રેમથી ભેટી પડ્યો. મારી પાસે એને જે આપ્યું એ વ્યક્ત કરવા શબ્દો નહોતાં.

મેં પૈસા આપ્યા. એને ના લીધા. એટલું જ બોલ્યો. "ભાઈબન્ધ, દોસ્તીમાં પૈસાનો વેવાર ના હોય. એ એક જ વાતે નભે....ખરે ટાણે ઉભું રેવું પડે."

"તું એકવાર હાકલ કરજે. મનેય તારું કરજ ચુકવવાની તક મળે...!" હું સહજભાવે બોલી ગયો.

પોય' રે ની સફરે મને એક 'ભાઈબન્ધ' આપ્યો. **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૪-૦૩-૨૦૨૧, ગુરૂવાર, મહા વદ-૬, સૂર્યોદય-૬-૪૩, સૂર્યાસ્ત-૬-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ વિશાખા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.

» વૃષભ (બ.વ.ઉ.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.

» મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.

» કર્ક (ડ.હ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.

» સિંહ (મ.ટ.) :- ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.

» કન્યા (પ.ઠ.ણ.) :- કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.

» તુલા (ર.ત.) :- માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.

» વૃશ્ચિક (ન.ય.) :- શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

» ધન (ભ.ધ.ફ.ઢ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હળવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.

» મકર (ખ.જ.) :- ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.

» કુંભ (ગ.શ.સ.) :- કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થાય. આવકમાં વધારો થાય.

» મીન (દ.ચ.ઝ.) :- કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

# મોંઘવારી અને ભ્રષ્ટાચાર

હાલ સમાજમાં બે મોટા પ્રશ્નો છે જેની ચર્ચા થવી જરૂરી છે.

## મોંઘવારી

" બધું જ મોંઘુ છે ફક્ત સસ્તો છે માનવી " જ્યાં જોઈએ ત્યા, દરેક વર્ગના લોકો મોંઘવારીના નામે બુમો પાડે છે. પણ પ્રશ્ન થાય છે કે આ મોંઘવારી આવી ક્યાંથી ? સામાન્ય રીતે જોઈએ તો કુદરતી આફત આવે કે યુધ્ધ થાય તો તેમાંથી મોંઘવારી જન્મે છે. પરંતુ તે ઘણાં લાંબા સમયે અસર કરે છે. માનવીને જ્યારે રોટી, કપડાં અને મકાન સરળતાથી મળે નહિ ત્યારે મોંઘવારીનો જન્મ થાય છે. એક બાજુ મોંઘવારી અને બીજી બાજુ ગરીબી રેખા નીચે જીવતા લાખો કુટુંબો, કાળી મજૂરી કરતા હોવા છતાં એક ટંકનુ ભોજન પણ મેળવી શકતા નથી.આજે ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગનો માણસ મોંઘવારી સામે લાચાર બની ગયો છે. એક જમાનો એવો હતો જ્યારે રૂપિયો પણ વધારે લાગતો એટલે કે એક રૂપિયામાં આખા ઘરની જીવન-જરૂરિયાતો સંતોષાતી હતી. રૂપિયાની પાંચશેર મોરસ અને એક રૂપિયાનું અડધો શેર ચોખ્ખું ઘી મળતું હતું. આ ભારત દેશમાં, ઘી- દુધની નદીઓ વહેતી હતી એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નહોતી સાત રૂપિયા માસિક પગારમાં એક શિક્ષક પોતાનું કુટુંબનું આરામથી ભરણપોષણ કરી શકતો હતો. ક્યાં ગયું આ બધું? અંગ્રેજો આમાનું શું સાથે લઈ ગયા? જે કંઈ થયું તેના માટે આપણે અને આપણી સરકાર જવાબદાર છીએ, આપણાં આ વેપારીઓ જવાબદાર છે. માનવીને લાચાર બનાવનાર અને મોંઘવારી રચનાર આપના દેશબંધુઓ જ છે. આજે જે વસ્તુઓ જોઈએ મીઠાઈથી માંડી તમામ પ્રકારની ખાધચીજો, પાણીથી માંડીને પેટ્રોલ, સોઈથી માંડી ટાયર સુધીની હરકોઈ વસ્તુના ભાવ રોજેરોજ આસમાને ચડતા જાય છે અને માનવી બસ લાચાર બની આ બધું જોયા કરે છે. હાથે કરીને કૃત્રિમ અછત ઉભી કરનાર, જીવનજરૂરિયાત ચીજવસ્તુઓની સંઘરાખોરી કરનારા, કાળાબજાર બનાવનારા, કાળાં નાણાંને ફેરવનારા અને એમા જે રાજકારણીઓ પોતાના સ્વાર્થ માટે આ ધંધામાં સંકળાયેલા છે જેમના લીધે માનવીને લાચાર સ્થિતિમાં જીવન જીવવા ફરજ પાડનારા આ લોકોને એકદિવસ કૂતરાના મોત મરવાનો વારો આવશે. આ મોંઘવારીના કારણે કેટલાય માનવીઓ ભુખ્યા સુઈ જાય છે. જ્યા જોઈએ ત્યા ભ્રષ્ટાચાર દેખાય રહ્યો છે. એના લીધે આ મોંઘવારી પણ દિનપ્રતિદિન વધતી ને વધતી જઈ રહી છે. શું આ ચુંટણીમાં છે કોઈ એવી સરકાર જે ખોખલા વચનો ન આપે પણ ખરેખર મોંઘવારી ઘટાડી શકે? છે કોઈ સરકાર જે મધ્યમ વર્ગના માનવીનો વિચાર કરે ? ચુટણી જીતવા હવે કેટ-કેટલા વચનો આપ્યા. પણ ક્યાં જઈને અટકશે આ મોંઘવારી ??





નેલ્સન પરમાર
'જાગતે રહો'

## ભ્રષ્ટાચાર

ભ્રષ્ટાચાર, ભ્રષ્ટાચાર, અને ભ્રષ્ટાચાર જ જ્યા જુઓ ત્યાં બસ ભ્રષ્ટાચાર નજરે પડે છે. ભગવાનની જેમ સર્વ જગ્યાએ જોવા મળે છે. મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા ત્યાં પણ ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે. શિક્ષણ સંસ્થાઓ કે જ્યા શિષ્ટાચારનું શિક્ષણ અપાઈ છે ત્યાં પણ ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. ભ્રષ્ટાચાર દેશના ખુણે ખુણે ફેલાઈ ગયો છે. સમાજ અને દેશમાં જે બુરાઈ ફેલાયેલ છે તે પણ ભ્રષ્ટાચારનું જ મુળ છે. જ્યા સુધી ભ્રષ્ટાચાર ખતમ નહી થાય ત્યાં સુધી દેશનો વિકાસ કે પ્રગતિ શક્ય નથી. લોકશાહી, આઝાદી, ક્રાંતિ, અને આપણાં આઝાદીના ઘડવૈયા જે ભારતને રામરાજ્ય તરીકે જોવા માટે ઝઝુમ્યા હતાં તેમના જીવનમુલ્યો તો નષ્ટ થઈ ચુક્યા છે. આ દેશમાં ભ્રષ્ટાચાર પાપ ગણાતું નથી. પણ પુણ્ય ગણાય છે. આજે તો ભ્રષ્ટાચારને ઈશ્રવરની પ્રસાદી ગણવામાં આવે છે. દરરોજ નવાનવા ભ્રષ્ટાચારો છાપામાં પ્રકાશિત થતા હોય છે. પણ પછી શું થયું એ તો ભગવાન જાણે, થોડા સમય પછી તે પર સુંદર રૂપેરી પડદો પડી જાય છે. યાદ કરો સુરત ભજીયા વાડો, મહેશ શાહ, વિજય માલીયા, નિરવ મોદી.... સરકારી કે અર્ધસરકારી ઓફીસમાં કે સંસ્થાઓ તો ભ્રષ્ટાચાર વિના કામ બનતા જ નથી. જીવનના તમામ ક્ષેત્રોમાંથી માનવતા, શિષ્ટાચાર, સરળતા અને સાદાઈ તો જાણે ભુલાઈ જ ગઈ છે. તમારો ધંધો ચાલું કરવો હોય કે પછી બસ, ટ્રેન કે વિમાનમાં મુસાફરી કરવી હોય તો પણ ભ્રષ્ટાચાર વગર શક્ય નથી. આજનો માનવી સવારથી સાંજ સુધી ભ્રષ્ટાચાર સાથે જીવન વિતાવી રહ્યો છે. સરકારના કાયદામાંથી છટકબારી શોધવાના કીમિયા એ ભ્રષ્ટાચારનું પ્રેરક બળ છે. સતાલોભી ' મહાનુભાવો ' એ ચુંટણીના નામે, સેવાને બહાને અને સાતના જોરે ભ્રષ્ટાચાર આખા દેશમાં ફેલાવી દીધો છે. એક નાનું કામ પણ ભ્રષ્ટાચાર વગર થાય નહી એટલી હદ સુધી ભ્રષ્ટાચાર છે. ભ્રષ્ટાચારને ડામવા માટેની જાગૃતિ યુવાનોએ જ કેળવવી પડશે. આચાર અને વિચાર બદલવાની શરૂઆત યુવાનોને જ કરવી પડશે. આજના યુવાનો સામે પડકાર ઊભો છે તેનો સામનો કરવા માટે યુવાનોએ સજજ થવું પડશે. આજે આપણાં રાજકારણીઓ અને નેતાઓ નર્યા પોકળ, પોલા, દંભી, અનીતી, દેખાળો તેમજ ભ્રષ્ટાચારથી ભરેલા પુરવાર થયા છે. એ માટે જરુર છે પ્રદર્શનવૃતિ, રોડ શો, સંખ્યા ભેગી કરવા બસોનો કાફલો, સતાના જોરે કંઈ ખોટુ પણ ખોટું કરનાર આવા દરેક દુષણોથી દુર રહેનાર સતત પરિવર્તનશીલ, કાર્યશીલ, પ્રામાણિક, નીતિમાન અને "નવચેતના લાવનાર યુવાનોની.


# દરેકને પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા હોય છે

બાળકોથી માંડીને વૃદ્ધ સુધી દરેકને સ્વતંત્ર જીવનની ઝંખના હોય છે. દરેક વ્યક્તિ હંમેશા પોતાની ઈચ્છા કે અનુકૂળતા મુજબ જીવવા માંગતી હોય છે, હવે તો દરેકને કોઈને કોઈ આસિસ્ટન્ટની આદત પડી ગઈ છે બધાને પોતાનું કામ કોઈ બીજુ કરી આપે ને પોતાને બસ શેઠાઈ ભોગવવા મળે એવો માહોલ જોઈએ છે, મોટાભાગના લોકો સતત કોઈને કંઈક ને કંઈક કામ ચિંધ્યા કરે છે. આવા લોકો એક તરફ પોતાનું કામ સરળતાથી થઈ ગયું તેનો લુફત ઉઠાવતા હોય છે તો બીજી બાજુ તેઓ પોતાનું જ નુકસાન કરે છે. બીજાને સતત પોતાના કબજામાં રાખ્યા હોવાનો

આત્મસંતોષ મેળવતા અને બીજાની લાગણીને પણ સતત ઠેસ પહોંચાડતા હોય છે. જેની પાસેથી શેઠાઈ ભોગવનાર વ્યક્તિ પોતાના બધા કામ કઢાવી લેવાની અપેક્ષા સેવે છે તે પોતે પણ એક માણસ જ છે અને તેને પોતાને પણ એક જિંદગી અને સ્વ-કલ્પિત દુનિયા હોય છે.

આવી દરેક વ્યક્તિએ એક વાત ખાસ ધ્યાનમાં લેવી રહી કે સામેની વ્યક્તિ પોતે પણ પોતાની જિંદગી જીવવા ઈચ્છતો હોય છે. હવે કાર્યલક્ષી સમય આવ્યો છે જેમાં દરેકની પાસે પોતપોતાની કામગીરી હોય છે નોકરી ધંધા કે વેપાર સિવાય પણ લોકોને ગમતી પ્રવૃત્તિ કરવા જેવા અનેક કામ હોય છે.દરેકને પોતાનો સમય સ્વતંત્ર રીતે પોતાના માટે ફાળવવાની ઈચ્છા હોય છે. ડિજિટલ યુગમાં આપણા બધાની વ્યસ્તતાનું પણ આ જ કારણ છે.

દરેક વ્યક્તિ પોતાની જિંદગી જીવવાની ચાહ રાખતી હોય છે જેને ચેઈન્જ તરીકે ઓળખવામાં આવે છે આ ચેઈન્જ દરેકને જોઈએ છે, ગૃહિણી હોય તો નવરાશના સમયમાં બજારમાં નવા લોકો સાથે ફરીને ફ્રેશ થવાની કે અન્ય કોઈ પ્રવૃત્તિ કરે છે જે તેને ગમતી હોય, પુરુષ વર્ગ કામ કરીને ઘરે આવે તો તે ઘરે આરામથી મનોરંજનની પ્રવૃત્તિ કરે છે આવા સમયે જો આપણો ટાઇમ કોઈ પોતાનું કામ સોંપીને લઈ લે અથવા આપણે બીજાની પ્રવૃત્તિમાં સમય પસાર કરવાનો આવે તો આપણને જે પ્રતિકૂળતાની અનુભૂતિ થાય તેવી જ બીજાને પણ થતી જ હોય છે. એટલે બીજા કોઈ પાસે પોતાના એટલા કામ પણ ન કરાવવા જેથી કોઈ મૂંઝાઈ જાય. દરેક વર્ગ પોતપોતાને ગમતી અને અનુકૂળ આવે તેવી પ્રવૃત્તિ કરીને જીવવા મથતો હોય છે. સાવ નવરાશવાળી વ્યક્તિને પણ કંઈક કામ ને વ્યસ્તતા તો હોય જ છે. હવે તો બાળકોને પણ ઘરના અન્ય લોકો માટે સમય કાઢવો ગમતો નથી. કેમ કે એમને પણ રમવાનું કામ હોય છે. કોઈ વ્યક્તિને બીજાના કામ માટે હવે પહેલાની જેમ સમય ફાળવવો કે સમર્પિત થવું પોસાતું નથી. દરેકને પોતાના કાર્યમાં મશગુલ રહેવું ગમે છે.




શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

દરેકને પોતાની અંગત લાઈફ હોય છે. દરેકને પોતાને ગમતી પ્રવૃત્તિ કરવી ગમે છે એવામાં કોઈને સતત પોતાના અંગત સ્વાર્થથી પોતાના કાર્યમાં વ્યસ્ત રાખવું બિલકુલ યોગ્ય નથી. દરેકને પોતપોતાની રીતે વર્તન કરવાની, જીવવાની, બોલવા-ચાલવાની, હરવા-ફરવાની સ્વતંત્રતા હોય છે. કોઈએ ઠીક જ કહ્યું છે, જીવો અને જીવવા દો. દરેકને પોતપોતાની ઢબથી જીવવાની પૂરી સ્વતંત્રતા નહિ પણ હક મળ્યા છે. પોતાની રીતે સ્વતંત્ર જીવવાથી કોઈ બીજાને તકલીફ ન પહોંચે કે તેને નુકસાન ન થાય તે જોવું. યુ. એન. દ્વારા સ્થાપિત થયેલા માનવીય અધિકારો અને ભારતના સંવિધાનમાં રહેલા માનવીય હકો પણ આવું જ કંઈક સૂચન કરે છે.

આ પૃથ્વી પર કંઈ માનવીનો એકલાનો અધિકાર નથી. અન્ય જીવો પણ અહિં વસવાટનો એટલો જ હક ધરાવે છે જેટલો મનુષ્ય.આથી મનુષ્યે વિવેકબુદ્ધિ વાપરી અન્ય જીવોના અસ્તિત્વને પણ સાદર સ્વીકારવું જ રહ્યું. આજકાલ દીપડા તથા અન્ય પ્રાણીઓ માનવ વસાહતોમાં ઘૂસી આવ્યા હોવાની ખબરો ઘણી વાર અખબારોમાં વાંચવા મળે છે.પણ અહિં નોંધવું રહ્યું કે આ કિસ્સાઓમાં પ્રાણીઓએ મનુષ્યના વિસ્તારમાં નહિં પણ મનુષ્યોની વન્ય વિસ્તારમાં ઘૂસણખોરીને પગલે આવા બનાવો બનવા પામે છે.મનુષ્ય વસ્તી અને મોંઘવારી વધતા તથા જગ્યાની અછતના પગલે જંગલની હદમાં રહેવા લાગ્યો છે અને પછી તે વન્ય પશુઓ આકર્ષાય એ પ્રકારનું વર્તન કરી દીપડા જેવા પશુઓને પોતાના રહેઠાણ સુધી આમંત્રે ત્યારે આવું થવું તદન સ્વાભાવિક છે.

# મુંબઈની ૨૯ ખાનગી હોસ્પિટલોને કોરોના રસી આપવાની મંજૂરી આપવામાં આવી




ચક્રવાત ટીમ ,મુંબઈ તા. ૩

કોવિડ રસીકરણ કેન્દ્રમાં ભીડ ટાળવા માટે ખાનગી હોસ્પિટલોમાં પણ રસીકરણની મંજૂરી છે. મુંબઈ મ્યુનિસિપલ કમિશનર ઈકબાલસિંહ ચહલે માહિતી આપી છે કે હવે સરકારી હોસ્પિટલોની સાથે સાથે ૨૯ ખાનગી હોસ્પિટલોમાં રસીકરણ કરવામાં આવશે. કેન્દ્ર સરકારના માપદંડને પૂર્ણ કરતી હોસ્પિટલોને જ રસી આપવાની મંજૂરી છે.

રસીકરણનો બીજો અને નિર્ણાયક તબક્કો ૧ માર્ચથી દેશભરમાં શરૂ થયો. કોરોનાવાયરસની વધતી સંખ્યાને ધ્યાનમાં લેતા, ચિત્રમાં જાણવા મળ્યું કે મોટાભાગના વરિષ્ઠ નાગરિકો અને ૪૫ વર્ષથી વધુની વય ધરાવતા લોકોએ પ્રથમ દિવસે રાજ્યમાં રસીકરણ માટે નોંધણી કરાવી છે. રસીકરણ કેન્દ્રોમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉમટ્યા હતા. જો કે, રસીકરણ માટે પોર્ટલ પર ટેકનીકી મુશ્કેલીઓને કારણે ઘણાં નાગરિકો કલાકો સુધી કેન્દ્રો પર બેસી રહ્યા હતા. જ્યારે ઘણાને રસી લીધા વિના પાછા ફરવું પડ્યું હતું, કેટલાકને કેન્દ્રમાં અભૂતપૂર્વ મૂંઝવણનો સામનો કરવો પડ્યો હતો, તેથી મુંબઈ મહાનગરપાલિકાએ આ નિર્ણય લીધો છે. સાંજે ૨૯ ખાનગી હોસ્પિટલો રસીકરણ માટે કમિશનર દ્વારા સાફ કરવામાં આવી છે

દેશમાં કોરોના રસીકરણનો બીજો તબક્કો શરૂ થયો છે, જેમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો અને ઙ્ર્ર્હ્લદ્દી ૪૫ વર્ષથી વધુની જેમની ગંભીર બીમારી છે તેમને કોરોના સામે રસી આપવામાં આવશે. આ તબક્કો ૧ માર્ચ, સોમવારે શરૂ થયો હતો, તે જ દિવસે ૨૫ લાખથી વધુ લોકો રસીકરણ માટે નોંધાયા હતા.



Name Of The Hospital(s)

1. Sushrusha Hospital & Research Centre, viki
2. K J Somaiya Hospital & Research Centre
3. Dr. Balabhai Nanavati Hospital
4. Wockhardt Hospital
5. Sir H N Reliance Foundation Hospital
6. Saifee Hospital
7. P D Hinduja Hospital & MRC
8. Dr. L H Hiranandani Hospital
9. Kaushalya Medical Foundation Trust
10. Masina Hospital
11. Holy Family Hospital
12. S L Raheja Hospital
13. Lilavati Hospitals & Medical Research Centre
14. Guru Nanak Hospital
15. Bombay Hospital
16. Breach Candy Hospital
17. Fortis, Mulund
18. The Bhatia General Hospital
19. Global Hospital
20. Sarvodaya Hospital
21. Jaslok Hospital
22. Karuna Hospital
23. H J Doshi Ghatkopar Hindu Sabha Hospital
24. SRCC Children's Hospital
25. Kokilaben Dhirubhai Ambani Hospital
26. Conwest & Manjula S. Badani Jain Hospital
27. Surana Sethia Hospital
28. Holy Spirit Hospital
29. Tata Hospital

# હવે એકમાત્ર રસ્તો રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની જરૂર : મુનગંટીવાર

## જલગાંવ હોસ્ટેલ પ્રકરણ વિધાનસભામા ગાજ્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ, તા.૩

જલગાંવમાં મહિલા હોસ્ટેલમાં મહિલાઓને કપડા ઉતારવા અને નૃત્ય કરવાની ફરજ પાડવામાં આવતાનો મુદ્દો વિધાનસભામા ગાજ્યો હતો. જો રાજ્યમાં આપણી માતા-બહેનોની મજાક ઉડાવવામાં આવી રહી છે, તો રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો એકમાત્ર રસ્તો છે. આ રાજ્યને રાષ્ટ્રપતિ શાસન કરવું પડશે, હું આજથી વ્યક્તિગત રૂપે તેની માંગ કરીશ, એમ ભાજપના આક્રમક નેતા સુધીર મુનગંટીવારે આજે વિધાનસભામા જણાવ્યું હતું. જલગાંવમાં મહિલા હોસ્ટેલમાં મહિલાઓને કપડા ઉતારવા અને નૃત્ય કરવાની ફરજ પાડવામાં આવતા આંચકાજનક પરિણામો. ભાજપના ધારાસભ્ય શ્વેતા મહાલેએ વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.



યુવતીઓને નગ્ન કરી છીનવાઈ ગઈ અને નાચવા માટે બનાવવામાં આવી. તેનો વીડિયો બનાવવામાં આવ્યો હતો. આ ગંભીર પ્રકારના આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. શ્વેતા મહાલે માંગ કરી છે કે ગૃહ પ્રધાનને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માગણી કરી હતી. જલગાંવની એક સરકારી મહિલા હોસ્ટેલમાં એક ચોંકાવનારી ઘટનાનો આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ પણ થયો છે. તેમજ આ કેસમાં પોલીસ અધિકારીનું નામ પણ સામે આવે છે. તેથી રાજ્યમાં રોષની લહેર ફાટી નીકળી છે. વિપક્ષી જૂથોએ ગૃહપ્રધાન અનિલ દેશમુખના રાજીનામાની માંગણી કરી હતી. ભાજપના નેતા સુધીર મુનગંટીવારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગ કરી છે. આ એક ગંભીર બાબત છે. હું એક એવી વ્યક્તિ છું જે બંધારણનું પાલન કરે છે. પરંતુ રાજ્યમાં આપણી માતા-બહેનોનું અપમાન થતુ જોતા રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા સિવાય કોઈ વિકલ્પ નથી. આ સરકાર પર રાષ્ટ્રપતિ શાસન લાદવાનો સમય આવી ગયો હોવાનું મુનગંટીવારે જણાવ્યું હતું. નવાબ મલિકે મુનગંટીવારની રાષ્ટ્રપતિ શાસનની માંગ અંગે વાંધો ઉઠાવ્યો છે. મુનગંટીવાર રાષ્ટ્રપતિ શાસન લાદવાની ધમકી આપી રહ્યા છે. ધમકીઓ યોગ્ય નથી. તેથી, મલિકે માંગ કરી હતી કે મુનાંગતીવારે સભા ઉચ્ચારેલ વાકય રેકોર્ડ પરથી દૂર કરવામાં આવે. જો કે, વિધાનસભા અધ્યક્ષે કહ્યું છે કે

## જલગાંવની સરકારી મહિલા છાત્રાલયમાં છોકરીના કપડા ઉતરાવી નચાવવામા આવી

મલિકની માંગ બાદ મુનગંટીવારના નિવેદનની તપાસ કરવામાં આવશે અને કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવશે. ઘટના અંગે સંપૂર્ણ માહિતી મેળવવા માટે કામગીરી ચાલી રહી છે. વિડિઓઝ તેમજ અન્ય બધી માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે અને જવાબો રેકોર્ડ કરવામાં આવી રહ્યાં છે, 'જલગાંવની આશાદીપ છાત્રાલયમાં જે બન્યું તે દુર્ભાગ્યપૂર્ણ છે. આ ઘટનાની તપાસ માટે ચાર ઉચ્ચ અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિનો રિપોર્ટ બે દિવસમાં મળી જશે. તે પછી, નિયમ મુજબ ગુનેગારો સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ વિધાનસભામાં ગૃહમંત્રી અનિલ દેશમુખે જણાવ્યું હતું.

# મનોરમા વસઈના રીક્ષા ચાલકની હત્યાના કેસમાં કોન્સ્ટેબલ પત્ની બોયફ્રેન્ડ સહિત પાંચની અટક



ચક્રવાત ટીમ મુંબઈ તા. ૩

મનોર પોલીસે વસઈના રિક્ષાચાલકની નિર્દયતાથી હત્યા કરવા સંદર્ભે પાંચ આરોપીઓને પકડ્યા છે. વસઈ રિક્ષાચાલક પુંડલિક પાટિલની હત્યાના મામલે તેની કોન્સ્ટેબલ પત્ની અને કોન્સ્ટેબલ બોયફ્રેન્ડની અટક કરવામા આવી છે

ઓટોરિક્ષા ચાલક પુંડલિક પાટીલની હત્યાના મામલે ધરપકડ કરાયેલ પુંડિકની પત્ની અને તેના પ્રેમી બંને પોલીસ કર્મચારી છે. આરોપી પોલીસ કોન્સ્ટેબલ વિકાસ પષ્ટે અને આરોપી મહિલા કોન્સ્ટેબલ બંને વસઈ પોલીસ સ્ટેશનમાં નોકરી કરે છે. તેની પત્ની અને બોયફ્રેન્ડ સહિત પાંચ આરોપી હાલમા પોલીસ કસ્ટડીમાં છે

સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે કે વિકાસ પષ્ટે અને પુંડલિક પાટિલની પત્નીના લગ્નેત્તર સંબંધ છે. પ્રેમમાં અડચણરૂપ બનેલા રિક્ષાચાલક પતિની બાજુમાં બંનેએ કાંટો કાઢ્યો હતો..તેની પત્ની અને બોયફ્રેન્ડ વિકાસ પશ્તે સહિત કુલ પાંચ આરોપી પોલીસ કસ્ટડીમાં છે.

રિક્ષાચાલક પુંડલિક પાટિલની ૧૮ ફેબ્રુઆરીએ મનોરમા નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. પુંડલિક પાટીલની લાશ મુંબઈ-અમદાવાદ હાઈવે પર મનોર ઢેકાળે વિસ્તારમાં રિક્ષામાં મળી હતી.મનોર પોલીસે તપાસ કરતાં આરોપીની થોડા જ દિવસોમાં ધરપકડ કરી હતી.

# સાતારામાં પેટ્રોલ પાઈપલાઈન ચોરોએ તોડતા, કુવા પેટ્રોલથી ભરાયા, પાક બળી ગયા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૩

સાતારા જિલ્લાના સાસવાડ ગામે એક ખળભળાટ ભરતી ઘટના સામે આવી છે. સાતારા જિલ્લાના ફલટણ તાલુકાના સાસવાડ ગામે પેટ્રોલની પાઈપ લાઈન તોડ્વામા આવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. એક તરફ પેટ્રોલની કિંમતોએ આસમાન છવાઈ ગયું છે, તો બીજી તરફ ચોર દ્વારા કરવામાં આવેલી ચોરી સાતારા પોલીસ માટે મોટો પડકાર છે. સાતારાના સાસવાડમાં આઠ દિવસ પહેલા બનેલી આ ઘટના હવે પ્રકાશમાં આવી છે અને આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેને ગુપ્ત રાખવામાં આવી હતી.

હિન્દુસ્તાન પેટ્રોલ લિમિટેડે મુંબઈથી સોલાપુર સુધીની પેટ્રોલ પાઈપલાઈન નાખી છે. આ પાઈપલાઈન સાતારાના ફાલ્ટન તાલુકાના સાસવાડ આદર્શકી જેવા ડુંગરાળ વિસ્તારમાંથી પસાર કરવામા આવી છે. પાઈપલાઈન અજાણ્યા ચોરો દ્વારા ડ્રિલ કરવામાં આવી હતી અને પાઈપ લગાડી તે બહાર કાઢવામા આવ્યુ હતુ. ચોરોએ હજારો લિટર પેટ્રોલ ચોરી લીધું હતું. પરંતુ તેઓએ કાઢેલી પાઈપ ફરીથી કનેક્ટ કરી શકી ન હતી. પરિણામે આ વિસ્તારમાં હજારો લિટર પેટ્રોલ આસપાસના વિસ્તારમા ફેલાઈ ગયુ હતુ.અને આ વિસ્તારનું આખું ફાર્મ બળીને ખાખ થઈ ગયું હતું. આ વિસ્તારમા પેટ્રોલની ગંધ આવી પરંતુ તે ક્યાંથી આવી



રહી છે તે ખેડૂતોને સમજાતું નથી. જ્યારે વિસ્તારના લોકો દુર્ગંધ અનુભવતા હતા, ત્યારે હિન્દુસ્તાન પેટ્રોલિયમના સ્ટાફ અધિકારીઓ પણ તેની શોધમાં આ વિસ્તારમાં ફરતા હતા. આખરે તેમને ચોરીની જગ્યા મળી. જ્યારે જોયું, ત્યારે જાણવા મળ્યું કે, પેટ્રોલનો મોટો જથ્થો વહી ગયો હતો.છે. તેણે સમયસર પોલીસને જાણ કરી અને આખા વિસ્તારને ખતરનાક વિસ્તાર તરીકે સીલ કરી દીધો

દરમિયાન, ફેલાયેલ પેટ્રોલને એકત્રિત કરવા માટે લગભગ સાતથી આઠ પાણીના ટેન્કર અને પાવર ટ્રેકર્સને પણ બોલાવાયા હતા. તેમજ મોબાઈલ ફોનના ઉપયોગન કરવા તેમજ આખા વિસ્તારમાં આગથી બચાવવા કડક પગલા લેવામાં આવ્યા છે. જો કે હિન્દુસ્તાન પેટ્રોલિયમના અધિકારીઓ હવે આ લિકેજ અટકાવવામાં સફળ થયા છે, હજારો લિટર પેટ્રોલ જમીનમાં ફેલાઈ ગયું છે અને હવે આ વિસ્તારના તમામ કુવાઓ પેટ્રોલથી ભરાઈ ગયા છે. પાણીથી પેટ્રોલ ટેન્કર કાઢવાની કામગીરી ચાલી રહી છે. જો કે છેલ્લા કેટલાક દિવસોથી તમામ કુવાઓનું પમ્પિંગ ચાલુ છે, તેમાં હજી પેટ્રોલનું સંચય અટક્યું નથી. આ કુવામાં માછલીઓ પણ મરી ગઈ છે અને તેઓ કુવાઓ પર તરતી જોવા મળી રહી છે. આ કુવાઓમાં પાણી પીવાલાયક નથી કારણ કે કુવામાં મોટા પ્રમાણમાં પેટ્રોલ મિક્સ થઈ ગયુ છે..

તે જ સમયે, આખું ફાર્મ પેટ્રોલથી પલળી ગયું હતું અને આ વિસ્તારના ઘણા ખેડુતોનો પાક બળીને ખાખ થઈ ગયો હતો. આમાં ઘઉં, બાજરી, મકાઈ જેવા મોટા પાયે પાકનો સમાવેશ થાય છે. અહીંના ખેડુતોએ હવે નુકસાનની વળતરની માંગ કરી છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમએ લોનાવાલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે અને અજાણ્યા શખ્સો વિરુદ્ધ ચોરી અને નુકસાનનો કેસ નોંધવામાં આવ્યો છે. આઠ દિવસમાં પોલીસ આ ઘટના સંદર્ભે કોઈને પકડી શકી નથી. જોકે, એક ટીમ ચોરી અંગે કામ કરી રહી હોવાનું જિલ્લા પોલીસ વડા અજયકુમાર બંસલે એબીપી માઝાને જણાવ્યું હતું.

# મિરા-ભાયંદર પાલિકાના સ્વીકૃત ૪ સભ્યોની નિમણૂક અંગેના હાયકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટેનો સ્ટે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૩

મીરા ભાયંદર પાલિકામાં સત્તાધારી ભાજપ દ્વારા મંજુર થયેલા સભ્યોની નિમણૂકમાં હલકી રાજનીતિ શરૂ થઈ હોવાથી છેલ્લા કેટલાક દિવસોથી આ મુદ્દે ચકચાર મચી રહી છે. ભાજપે પાલિકામાં બહુમતીનો દુરૂપયોગ કરતાં વિવાદ વધ્યો હતો.સ્વીકૃત ૪ સભ્યોની નિમણૂક અંગેના મુંબઈ હાઈકોર્ટના તાજેતરના આદેશ સામે સુપ્રીમ કોર્ટે ૨ માર્ચે સ્ટે આપતા સત્તાધારી ભાજપને જોરદાર ફટકો પડ્યો છે.

મુંબઈ હાઈકોર્ટે તાજેતરમાં મીરા ભાઈંદર મહાનગરપાલિકાના ૪ માન્ય સભ્યોની નિમણૂકનો આદેશ આપ્યો હતો. તે પછી, મીરા ભાયંદર ભાજપે વિજયની ઉજવણી કરી અને તેમના સ્થાનિક નેતાની તાળીઓની ઘોષણા પણ કરી. ૩ મંજુર ભાજપના ઉમેદવારોનું પણ સન્માન કરાયું હતું. શિવસેનાના સ્વીકૃત સભ્ય ઉમેદવાર વિક્રમ પ્રતાપસિંહ દ્રારા આ મામલો સુપ્રીમ કોર્ટમાં લઈ ગયા હતા.

વિધાનસભ્ય પ્રતાપ સરનાઈકે સારા વકીલો સાથે સંપર્ક કરીને કાયદાકીય પક્ષને મજબૂત બનાવ્યો. મંજૂર થયેલા સભ્યોના કેસમાં સુપ્રીમ કોર્ટે ૨ માર્ચે મુંબઈ હાઈકોર્ટ દ્વારા આપેલા આદેશ પર સ્ટે આપ્યો હતો. આગામી સુનાવણી ૧૯ માર્ચના રોજ થવાની છે.

ગંદા રાજકારણમાં વ્યસ્ત મીરા ભાયંદર ભાજપને ફરી એક વખત ફટકો પડ્યો છે અને શિવસેનાના ઉમેદવાર વિક્રમ પ્રતાપ સિંહને પણ રાહત મળી છે.

# બોલિવૂડના જાણીતા કલાકારોના ઘરે આવકવેરા દરોડા

## તાપસી પન્નુ, અનુરાગ કશ્યપ, મધુ મેન્ટે અને વિકાસ બહલના ઘરે રેઈડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૩

ટેક્સ વસૂલાત અને કર ચુકવણીના મામલે આવકવેરા વિભાગે બોલીવુડના કેટલાક પ્રખ્યાત કલાકારોના ઘરે દરોડા પાડ્યા હતા. તાપસી પન્નુ, અનુરાગ કશ્યપ, મધુ મેન્ટેના અને વિકાસ બહલના ઘરો પર સવારે ઈન્કમટેક્સ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. એવું કહેવામાં આવે છે કે ટેક્સ મામલે દરોડા પાડવામાં આવ્યા છે.

વિકાસ બહલ, અનુરાગ કશ્યપ અને મધુ મન્ટેના ફેન્ટમ ફિલ્મ્સ સંબંધિત કરચોરીના કેસમાં છે. ત્રણેય પ્રોડક્શન હાઉસના સ્થાપક છે અને અનુરાગ કશ્યપ પ્રોડક્શન હાઉસના માલિક છે.

તાપશી પન્નુના ઘરે આવકવેરા વિભાગે છાપો માર્યો હત.પરંતુ કોઈ માહિતી બહાર આવી નથી કરચોરી અથવા કરચોરીના કેસમાં આવકવેરા વિભાગે મુંબઈ અને પુણેમાં ૨૨ સ્થળોએ દરોડા પાડ્યા છે. ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ અનુભવ સિંહાની થપ્પડમાં તાપસી પન્નુ જોવા મળી હતી. ફિલ્મ 'લૂપ લપેટા' ની જાહેરાત આ



વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવી છે. આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. આ સિવાય તાપસી અનુરાગ કશ્યપની આગામી થ્રિલર ફિલ્મ 'દોબારા' થી દર્શકો માટે આવી રહી છે. તેના સ્પોર્ટ્સ ડ્રામા 'રશ્મિ રોકેટ'નું શૂટિંગ આ વર્ષે જાન્યુઆરીમાં પૂર્ણ થયું છે.

તેની અભિનયની સાથે સાથે તાપસી પન્નુ સોશિયલ મીડિયા પર વિવિધ વિષયો પર પોતાના મંતવ્યો શેર કરવા માટે પ્રખ્યાત છે. તેણી હંમેશાં દેશની ચાલી રહેલી પરિસ્થિતિ અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કરી ચૂકી છે. અનુરાગ કશ્યપ હવે તેની ફિલ્મ 'દોબારા'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ માહિતી તેમણે થોડા દિવસો પહેલા આપી હતી.

# મુંબઈમાં ભોજન યોગ્ય રીતે તૈયાર ન કરતા તેથી મિત્રે મિત્રનો જીવ લીધો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૩

મુંબઈના દહિસર વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. દહિસરના રાવલપાડા ખાતે એક મિત્રે તેના બે મિત્રો પર હુમલો કર્યો કારણ કે તેઓએ ભોજન સ્વાદિષ્ટ ન બનાવ્યું .હતુ. તેમાંથી એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું અને બીજાની હાલત ગંભીર છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દહિસર પૂર્વના રાવલપાડા ખાતે રાજહંસ બિલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું. તેમાં ત્રણ મિત્રો કામ કરતા હતા. ૧ માર્ચના, રાત્રે ૧૦.૩૦ ની આસપાસ, જમવાનું સ્વાદિષ્ટ બનાવ્યું ન હતું તેથી ત્રણ મિત્રો વચ્ચે દલીલબાજી થઈ હતી. આ હંમેશાં દલીલબાજી તેઓ વચ્ચે ચાલતી હતી. હતી કારણ કે ભોજન બરાબર બનાવવામા અવતુ ન હતું. જો કે ૧ માર્ચે આરોપી વિનોદે તેના બે મિત્રો રવિંદર નાયક અને કાલિયા નાયકને માથામાં માર માર્યો હતો. બંનેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે સારવાર દરમિયાન કાલિયા નાયકનું મોત નીપજ્યું હતું, જ્યારે રવીન્દ્ર નાયકની હાલત નાજુક છે. આ જીવલેણ હુમલો બાદ આરોપી વિનોદ ત્યાંથી ભાગી જઈ તે જ વિસ્તારમાં છુપાઈ ગયો. હતો. વિનોદ મુંબઈથી ભાગવાની તક શોધી રહ્યો હતો. જોકે, પોલીસે બતાવેલી ઉતાવળને કારણે તેનો ભાગવાનો પ્લાન નિષ્ફળ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ શરૂ કરી હતી. કલાકોમાં જ પોલીસે વિનોદની ધરપકડ કરી હતી અને તેને હાથકડીથી પકડી લીધી હતી.

સ્વાન બિલ્ડિંગનું નિર્માણ શરૂ થયું. તે ત્રણેય ત્યાં કામ કરતા હતા. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર પતરાના રૂમમાં રહેતા હતા..તેઓ વચ્ચે ખાવાનાને મામલે વિશે દરરોજ બોલાચાલી થતી હતી. જેણે લઈને વિનોદ આ દૈનિક ઝઘડાથી કંટાળી ગયો હોવાથી તેણે આ પગલું ભર્યું છે.

પોલીસે વધારાના પોલીસ કમિશનર દિલીપ સાવંત, ડેપ્યુટી કમિશનર પોલીસ ડી.સ્વામી, આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સુહાસ પાટિલ અને સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર પ્રવીણ પાટિલના માર્ગદર્શન હેઠળ આઈપીસીની કલમ ૩૦૨,૩૦૭ હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સાંસદ મોહન દેલકર આપઘાત કેસમાં તાત્કાલિક આરોપ દાખલ કરો! : નાના પટોલે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૩

નાના પાટોલે આજે વિધાનસભામાં દાદરા નગર હવેલીના સાંસદ મોહન ડેલકરની આત્મહત્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આદિવાસી સમાજના દેલકર સાત વખત સાંસદ ચૂંટાયા હતા. તેઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હ્તો.તેણે ન્યાય મેળવવાનો પ્રયાસ કર્યો પણ છેવટે મુંબઈ આવીને પોતાનું જીવન સમાપ્ત કરી લીધું. તેની ૧૫ પાનાની સ્યુસાઈડ નોટમાં જે લોકો નામ લેવામાં આવ્યા છે તેના પર કોઈ ગુનો દાખલ કરવામા આવ્યો નથી. મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ નાના પટોલે માંગ કરી છે કે દોષિતો સામે તાકીદે પગલા લેવામાં આવે. રાજ્યપાલના સંબોધન પર અભિનંદન પ્રસ્તાવ પર નાના પાટોલે વિધાનસભામાં બોલી રહ્યા હતા. આ વખતે તેણે કહ્યું, સંસદ .મોહન ડેલકરે વડા પ્રધાન, ગૃહ પ્રધાન અને સંસદ સમક્ષ પણ પોતાની ફરિયાદો વ્યક્ત કરી હતી. જો તમે તેના પર કેવી રીતે ત્રાસ ગુજારવામાં આવ્યા તેની૧૫ પાનાની સ્યુસાઈડ નોટમાં તેનું વર્ણન વાંચશો તો તેનો ખ્યાલ આવશે કે તેઓ કેટલા દબાણ હેઠળ હતા. સુસાઈડ નોટમાં ગુજરાતના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન પ્રફુલ ઘોડા પટેલનું નામ છે. ભાજપે તેમને દાદરા નગર હવેલીના સંચાલક તરીકે નિયુક્ત કર્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ મામલામાં કોઈ કેટલું મોટું છે, તે કાયદાથી ઉપર નથી, તેમની સાથે કાર્યવાહી થવી જોઈએ, તેમણે આગ્રહ કર્યો. વિપક્ષ પર પ્રહાર કરતા નાના પટોલે કહ્યું કે કોરોના સમયગાળા દરમિયાન મહારાષ્ટ્ર સરકારે લોકોના જીવ બચાવવા માટે કામ કર્યું હતું પરંતુ વિપક્ષ આ કામમાં સરકાર સાથે આવ્યા ન હતા અને તેને બદલે સરકારની ટીકા કરવાનું આશીર્વાદ માનતા હતા. ડિસેમ્બર ૨૦૧૯માં દેશની સરહદો સીલ કરવાની જરૂર હતી ત્યારે કેન્દ્ર સરકારે આમ કર્યું નહીં. અચાનક લોકડાઉનથી ગરીબો, કામદારો, મજૂર વર્ગની દુર્દશાને વિશ્વએ જોયું. છતાં પણ લોકો મોંઘવારી સાથે સંઘર્ષ કરી રહ્યા છે. ઉજ્જવલા ગેસ આપવાને લઈને હોબાળો મચાવતી સરકાર ગેસના ભાવને એટલા મોંઘા કરી દીધા છે કે હવે સામાન્ય લોકો માટે ગેસ સિલિન્ડર ભરવા પરવડી શકાય તેમ નથી. જી.ડી.પી. માં મોદી સરકારે મોટો વધારો કર્યો છે તેમ જણાવી પટોલે કહ્યું કે સરકારે જી એટલે ગેસ, ડી એટલે ડીઝલ અને પી એટલે પેટ્રોલ વધારીને લોકોનું જીવન મુશ્કેલ બનાવ્યું છે.

ડાંગરના મુદ્દા પર બોલતા નાના પટોલે જણાવ્યું હતું કે સરકારે ખેડૂતો પાસેથી ડાંગર ખરીદવા જોઈએ અને તેના ટેકાના મૂલ્ય આપવું જોઈએ. નિયમિત રીતે લોન ચુકવતા ખેડુતોને પ્રોત્સાહન રૂપે રૂ ૾૫૦,૦૦૦ આપવાની જાહેરાત કરી હતી પરંતુ હજુ સુધી પૈસા ચૂકવાયા નથી. જો તેઓ પૈસા નહીં આપે તો તે ખોટો સંદેશ જશે કે જે લોકો દેવાથી કંટાળી ગયા છે તેમને જ માફ કરવામાં આવશે, તેથી તેમણે સમાન બજેટમાં ૫૦,૦૦૦ રૂપિયાની ઘોષણા કરવી જોઈએ, એમ પટોલે જણાવ્યું હતું.

# રબરમાં ૫૦૦ મેટ્રીકટનની ડિપોઝીટ્સ નોંધાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૩

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૬૬૮૦૦ સોદામાં રૂ.૧૧૯૮૯.૧૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૪ ઘટ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧૬૪ વધ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટવા સામે નેચરલ ગેસ સુધર્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, રબર, સીપીઓમાં સુધારા સામે મેન્થા તેલ ઢીલું હતું. દરમિયાન, એમસીએક્સ ખાતે રબરમાં પલક્કડ સ્થિત એક્સચેન્જ રજિસ્ટર્ડ વેરહાઉસમાં ૫૦૦ મે.ટનથી વધુની ડિપોઝીટ્સ નોંધાઈ છે, જ્યારે ૧ માર્ચના રોજ સ્ટોક પોઝિશન ૫૧૩.૯ મે.ટનના સ્તરે રહી હતી. એક્સચેન્જ પર ૨૮ ડિસેમ્બર, ૨૦૨૦થી લોન્ચ થયેલા રબરના કોન્ટ્રેક્ટ્સમાં ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ ૧૮૨ લોટ્સનું રેકોર્ડ વોલ્યુમ નોંધાયું હતુ અને તેની સાથે જ ઓપન ઈન્ટરેસ્ટ ૫૫૧ મે.ટનના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યો હતો, જે આ કોન્ટ્રેક્ટ્સની સફળતા અને વાયદા બજાર પર રબરના કોન્ટ્રેક્ટ્સમાં ટ્રેડરોની વિશેષ રૂચિને દર્શાવે છે. બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૦૭૦૨ સોદાઓમાં રૂ.૪૮૩૧.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૫૨૪ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૫૪૪ અને નીચામાં રૂ.૪૫૦૦૩ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૬૪ ઘટીને રૂ.૪૫૦૮૪ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬૬ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૬૩૪૮ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૩ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૫૧૭ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬ ઘટીને બંધમાં રૂ.૪૫૧૭૮ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૦૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૨૧૪ અને નીચામાં રૂ.૬૭૪૩૮ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૪ વધીને રૂ.૬૭૫૦૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૬૦૪ ઘટીને રૂ.૬૮૬૧૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૫૯૯ ઘટીને રૂ.૬૮૬૧૬ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૭૦૫૫ સોદાઓમાં રૂ.૨૯૩૦.૦૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૪૧૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૬૩ અને નીચામાં રૂ.૪૩૬૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭ ઘટીને રૂ.૪૪૫૧ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૧૭૭ સોદાઓમાં કુલ રૂ.૨૭૭.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૩૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૪૦૦ અને નીચામાં રૂ.૨૨૨૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦ વધીને રૂ.૨૨૩૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૪૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧.૯ વધીને બંધમાં રૂ.૧૦૪૬.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૫.૨ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૫.૨ અને નીચામાં રૂ.૯૫૨.૫ રહી, અંતે રૂ.૯૫૩.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૬૫.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૭૦.૫ અને નીચામાં રૂ.૧૨૬૩ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭ વધીને રૂ.૧૨૬૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૪૭૭૨ સોદાઓમાં કુલ રૂ.૩૦૩૫.૯૧ કરોડ ની કીમતનાં ૬૭૦૮.૫૪૩ કિલો.

# ડોમ્બિવલીમા દુકાનદારની પત્નીની હત્યાનો કેસ ઉકેલાયો : સેક્સની માંગ નકારતા હત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૩

ડોમ્બિવલીમાં રેશનની દુકાનદારની પત્નીની હત્યાના રહસ્યને પોલીસે થોડા કલાકોમાં જ ઉકેલી દીધો છે. કામદારએ દુકાનદારની પત્ની સાથે શારીરિક સંબંધ બાંધવાની માંગ કરી હતી. પરંતુ મહિલાએ તેની નિર્લજ્જ માંગને નકારી કાઢી હતી અને તેના પતિને ફરિયાદ કરવાની ધમકી આપી. હતી. જેથી ગુસ્સે ભરાયેલા કામદારએ દુકાનમાં દુકાનદારની પત્નીની હત્યા કરી હતી. ડોમ્બિવલીના લોધા હેવન વિસ્તારમાં બનેલી ઘટનાએ રવિવારે એક જ હોબાળો મચાવ્યો હતો.

માનપાડા પોલીસે ૨૦ વર્ષના આરોપી ગુડ્ડુ કુમાર ઉર્ફે રંજનની ધરપકડ કરી છે. આરોપી ગુડ્ડુ કુમાર ડોંમ્બિવલીમાં કરિયાણાની દુકાનમાં કામ કરતો હતો. રવિવારે સાંજે દુકાનના માલિકે તેને જમવા ઘરે બોલાવ્યો હતો.દુકાનના માલિક રાજેશ ગુપ્તા અને તેની પત્ની શ્વેતા ગુપ્તા જમ્યા પહેલા ડિન્ક્સ લઈ ત્રણેય ગપસપ કરતા હતા ત્યારે દુકાનદારને એક મહત્વપૂર્ણ કોલ આવ્યો. તેને કામ માટે બહાર જવું પડ્યું હતું. તે સમયે દુકાનની પત્ની અને કામદાર ગુડ્ડુ ઘરની પાછળ એકલા હતા.માલિકની ગેરહાજરીનો લાભ લઈ ગુડ્ડુએ દુકાનદારની પત્ની સાથે શારીરિક સંબંધ બાંધવાની ઈચ્છા વ્યક્ત કરી. ગુડ્ડુની માંગને નકારી કાઢ.તાં જ તેના પર દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ ગુડ્ડુનું વર્તન જોઈને મહિલાનો ગુસ્સે ભરાયને ધમકી આપી હતી કે આ મામલો તેના પતિને જાણ કરશે.

આરોપી ગુડ્ડુ મહિલાનો ગુસ્સો જોઈને ગભરાઈ ગયો. તેણે તેના પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. તે પછી ત્યાંથી તે ફરાર થઈ ગયો હતો. જ્યારે દુકાનનો માલિક ઘરે પાછો આવ્યો ત્યારે તેની પત્ની લોહીલુહાણ થયેલી હતી.તેણે તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડી, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

દુકાનના માલિકે માનપાડા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે જઈ દુકાનદારનો જવાબ નોંધ્યો હતો. તેમણે કર્મચારી પર શંકા વ્યક્ત કરી. તે મુજબ પોલીસે ઝૂંપડપટ્ટીમાં દરોડા પાડીને ગુડ્ડુ કુમારની ધરપકડ કરી હતી. ગુડ્ડુએ પોલીસ અધિકારીઓની પૂછપરછ દરમિયાન ગુનો કબૂલ્યો હતો.

# મિરા-ભાયંદરના કમિશ્નર ડો.વિજય રાઠોડની બદલી એડિશનલ કમિશ્નર દિલિપ ઢોલેને કમિશ્નરપદ સોપાયુ

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૩

મિરા-ભાયંદર પાલિકાના કમિશ્નર ડો, વિજય રાઠોડ (આયએએસ) નિમણુંક થયાને ૮ મહિના વિત્યા બાદ શાસન દ્વારા ટ્રાન્સફર કરવામા આવી છે.તેમની જગ્યાએ પાલિકાના એડિસનક કમિશ્નર દિલિપ ઢોલેને કમિશ્નરનો ચાર્જ સોપવામા આવ્યો છે.

મિરા ભાયંદરમા ફેબ્રુઆરી ૨૦૨૦મા ચંદ્રકાંત ડાંગે (આયએએસ) ની નિમણુંક થયા બાદ કોરોનાએ મથુ ઉચકતા ૪ મહિના બાદ તેમની જૂન ૨૦૨૦ના છેલ્લા અઠવાડિયામા બદલી કરી તેમની જગ્યાએ ૨૦૧૪ની બેચના આયએએસ અધિકારી ડો.વિજય રાઠોડની નિમણુંક કરવામા આવી હતી. તેઓ પહેલા ગડચિરોલીમા સીઈઓના પદે હતા.મિરા ભાયંદરમા છેલ્લા કેટલાય સમયથી સ્વીકૃત નગરસેવકોનો મુદ્દો ગાજતા હાઈકોર્ટના આદેશે શિવસેનાના નગરસેવકને બાદ કરતા ચાર નગરસેવકોની નિમણુંક કરવાનો આદેશ આપ્યો હતો.જે આદેશેને શિવસેનાના ઉમેદવારે સુપ્રીમ કોર્ટમા પડકારતા સ્ટે મળ્યો હતો.મિરા-ભાયંદર પાલિકામા ભાજપની બહુમતીએ તેઓની તરફેણમા પ્રસ્તાવોને મંજૂરી આપતા હોવાનો આક્ષેપ વિરોધી પક્ષ દ્વારા વારેઘડીએ કરવામા આવતૂ હતો.જે પાલિકાની સભાએ આપેલ પ્રસ્તાવને રાજ્ય સરકાર મહાવિકાસ આઘાડીની હૂવાથી મનમાની કરી પસાર કરેલ પ્રસ્તાવને શાસન પાસે ખંડિત કરવા મોકલવામા આવતા હતા. આમ ભાજપ અને મહાવિકાસ આઘાડી વચ્ચે કમિશ્નર પિસાતા અંતે ટેઓએ ટ્બદલીની માગણી કરતા આખરે તેઓની ટ્રાન્સફર કરવામા અવી છે.

# નાલાસોપારામાં સિક્યુરીટી ગાર્ડની હત્યાના કેસમાં બે સગીર સહિત ત્રણ ઝડપાયા

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૩

નાલાસોપારા પૂર્વમાં ૧ માર્ચ ૨૦૨૧ના સવારે કામ પર જતાં સિક્યુરીટી ગાર્ડની તીક્ષ્ણ વસ્તુ દ્વારા નિર્દયતાથી હત્યા કરાઈ હતી. તુલિંજ પોલિસે ગુનો નોંધી બે સગીર વયના સહિત ત્રણ આરોપીઓને તાબામા લેવામા આવ્યા છે.

નાલાસોપારાના શંખેશ્વરનગરમા રહેતો શૈલેન્દ્ર પાઠક (૪૪) ૧ માર્ચના રોજ મળસ્કે આશરે ૪.૩૦ વાગ્યાની આસપાસ કામે જવા નીકળતા કોઈ અજ્ઞાત વ્યક્તિએ તેની ધારદાર હથિયાર વડે હત્યા કરી હતી.દિવંગત શૈલેન્દ્ર પાઠક વિલેપાર્લે ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. તે અઠવાડિયામાં એકવાર નાલાસોપારા સ્થિત તેના ઘરે આવતો હતો. તુલિંજ પોલિસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓની શોધ ચાલુ કરી હતી.

પોલિસે તપાસ કરીને હત્યાના ૨૪ કલાકમા આરોપી હિતેશ મંગેશ ભોસલે તેમજ તેના અન્ય બે સગીર વયના સાથીદારોને તાબામા લીધા હતા.આરોપીએ પૂછપરછમા તેઓ શંખેશ્વર નગરની ગલીમાથી જતા હતા ત્યારે મૃતકનો આરોપીને ધક્કો લાગતા થયેલ બોલાચાલીએ તેઓએ ચાકુ વડે હુમલો કરતા શૈલેન્દ્રનું મૃત્યુ થયુ હોવાનું તપાસમા બહાર આવ્યુ છે. તાબામા લીધેલ આરોપીઓની તુલિંજ પોલિસમા નોંધાયેલ અન્ય બે લૂંટના કેસમા પણ સંડોવણી બહાર આવી છે.

# મિરારોડમાં ખાનગી ઘરમાં ચાલતો વેશ્યા વ્યવસાય : ૧૬ વર્ષની પીડિત સગીરાનો છૂટકારો

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૩

ભાયંદરની એન્ટી હ્યુમન ટ્રાફીક કિંગ પોલિસ દ્વારા મિરારોડમા ખાનગી ઘરમા ચાલતા વેશ્યા વ્યવસાયનું સ્કેન્ડલ પકડીને ૧૬ વર્ષની સગીર વયની પિડિતાનો છૂટકારો કરાવ્યો છે.તેમજ મહિલા દલાલને તાબામા લીધી છે.

એન્ટીખ્યુમન ટ્રાફીક કિંગ વિભાગના ભાયંદર વિભાગના પીઆઈ સંપતરાવ પાટીલને માહિતી મળી હતી કે મિરારોડના મ્હાડા બિલ્ડીંગમા એક ખાનગી ઘરમા વેશ્યા વ્યવસાય ચલાવવામા આવે છે..તેઓએ બોગસ ગ્રાહક મોકલીને તપાસ કરતા મહિલા દલાલે કૌમાર્યભંગ કરવા માટે લાખ રૂપિયામા ૧૬ વર્ષની સગીર વયની છોકરી બતાવી હતી.પોલિસે જાળ બિછાળીને તે ઠેકાણે છાપો મારી તે ૨૭ વર્ષીય મહિલા દલાલને તાબામા લીધી હતી.તેમજ પિડિત સગીરાનો છૂટકારો કરાવ્યો હતો.મિરારોડ પોલિસમા ગુનો નોંધાવી કારવાહી કરવામા આવી છે.

# ઉના નગરપાલિકામાં સૌથી નાની વયના યુવા ઉમેદવાર સૌથી વધુ મતે વિજેતા

ચક્વાત ટીમ ઉના, તા.૦૩

સ્થાનિક સ્વરાજની ચુંટણી ઉનામાં યોજાય હતી ત્યારે કોંગ્રેસ,આપ અને અપક્ષ મળી તમામ ઉમેદવારે ફોમ ખેંચતા ઉના નગરપાલિકાના ૨૦ સભ્યો બિનહરીફ ચૂંટાયા હતા જ્યારે ૧૬ સભ્યનું મતદાન ૨૮ ફેબ્રુઆરી થયેલ જેના પરિણામ આજે સામે આવતા સહુ કોઈ ચોકીગયા ૧૬ ઉમેદવારોમાં ૧૫ સીટ ભાજપ અને ૧ સીટ અપક્ષ ઉમેદવાર જીતતા કોંગ્રેસના ભાગે એક પણ બેઠક હાથમાં આવી ન હતી ત્યારે ખાસ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ એ ભાજપને યુવાન ઉમેદવારી આપવામાં નિર્ણય કરવામાં આવ્યો હતો અને યુવા કોળી સંગઠનના પ્રમુખ અલ્પેશભાઈ બાંભણીયા ને ટિકિટ મળતા તેવો ઉના નગરપાલિકાના



સૌથી નાના અને યુવા ઉમેદવાર તરીકે ઉમેદવારી કરી હતી અને સૌથી નાના અને સૌથી વધુ ૨૩૮૦ મતથી વિજેતા થતા તેમના મિત્રો સહિત તેમના ભવ્ય વિજયને વધાવી લીધો હતો એમ ૩૬ ઉમેડવારમાં સૌથી વધુ મત લેનાર યુવા અલ્પેશભાઈ બાંભણીયા ને લોકોએ હારતોરા સાથે વધાવી લીધા હતા.

# ઝઘડિયા તાલુકાના ખેડૂતને ઈન્ડિયન ફેલો એન્ડ ઈનોવેટિવ એવોર્ડમાં રાષ્ટ્રીય કક્ષાએ બીજો ક્રમાંક

ચક્વાત ટીમ ઝઘડિયા, તા.૦૩

ભારત દેશના ખેડૂતો કોઈ વૈજ્ઞાનિક કમ નથી તે વાતને ઝઘડિયા તાલુકાના પાણેથા ગામના યુવાન ખેડૂત ધીરેનભાઈ ભાનુભાઈ દેસાઈએ સિદ્ધ કરી બતાવ્યું છે. યુવાન ખેડૂત ધીરેનભાઈ દેસાઈને ૨૦૧૫ થી ૨૦૨૧ સુધીમાં લગભગ ૧૬ થી વધુ એવોર્ડ રાજ્યકક્ષાના તેમજ રાષ્ટ્રીય કક્ષાના મળ્યા છે. ધીરેનભાઈ ખૂબ ખૂબ ઉત્સાહી અને ખંતીલા ખેડૂત સાબિત થયા છે. સાચી રીતે કહીએ તો ધીરેનભાઈ દેસાઈ પાણેથા, ઝગડિયા, ભરૂચ, ગુજરાત ના જ નહીં પરંતુ ભારત દેશના આગવી કોઠાસૂઝ ધરાવતા ખેડૂત આટલા એવોર્ડ મળ્યા બાદ સાબિત થયા છે. ધિરેનભાઈ દેસાઈને ગૌરી હાઈટેક બનાના એવોર્ડ મળ્યો હતો, આત્મા પ્રોજેક્ટ દ્વારા ભરૂચ જિલ્લાના બેસ્ટ ફાર્મરનો એવોર્ડ પણ તેઓ મેળવી ચૂક્યા છે, રાષ્ટ્રીય લેવલે કેન્દ્ર સરકાર દ્વારા ફાર્મર કવીઝ નું આયોજન કર્યું હતું તેમાં તેમને બીજા નંબરે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કૃષિક્ષેત્રે કૃષિ સંશોધન માટેનો જે સૌથી મોટો



એવોર્ડ કહી શકીએ તે ખેતીવાડી ખાતા તરફથી તેમને મળ્યો હતો. ફેડરેશન ઓફ ગુજરાત ઈનોવેટીવ ફાર્મરનો એવોર્ડ પણ મળ્યો હતો. આઈસીઆર ના વડા મથકના ડાયરેક્ટર જનરલ દ્વારા બાગાયતી ખાતાના વિકાસ માટે અમિત મેમોરિયલ ફાઉન્ડેશન દ્વારા પણ એવોર્ડ મેળવી ચૂક્યા છે. એગ્રો એકઝીમ તરફથી એક્સેલન્સ એવોર્ડ પણ તેઓ મેળવી ચૂક્યા છે. સોનાલિકા તરફથી અને ઓલ ઈન્ડિયા ફાર્મર એશોસીએશન તરફથી નેશનલ આઈફા એવોર્ડ પણ તેમને મળ્યો છે. આઈસીએઆર રિસર્ચ દ્વારા આઠ રાજ્ય વચ્ચે ઝોનલ એવોર્ડ તથા ૫૧ હજાર રૂપિયા રોકડ ઈનામ પેટે ફાર્મસ એવોર્ડ મેળવી ચૂક્યા છે. આઈ.એ.આર.આઈ એવોર્ડ થી પણ તેમને નવાજવામાં આવ્યા છે. આઈ.એસ.એચ.આર. ડી લખનઉ ખાતે પણ તેમને એવોર્ડ મળ્યો છે. ચિત્રકૂટ ખાતે એચ.એચ.આર.ડી ચૌધરી દેવી દયાલ એવોર્ડ પણ ધીરેન દેસાઈ મેળવી ચૂક્યા છે. આઈ.એ.એફ.એમ એવોર્ડ મેળવી ચૂક્યા છે. હાલમાં ધીરેનભાઈ દેસાઈને ગત રોજ તા. ૨૫.૨.૨૧ ન્યુ દિલ્હી ખાતે ભારતના કૃષિ ખાતાના ઈન્ડિયન એગ્રીકલ્ચર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તરફથી આખા ભારતમાંથી ફકત પાંચ ખેડૂતોને આપવામાં આવેલા ઈન્ડિયન ફેલો ઈનોવેટિવ એવોર્ડ બીજા સ્થાને મેળવી ન્યુ દિલ્હી ખાતે ભારત સરકારના કૃષિ અને કિસાન કલ્યાણ કેબિનેટ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, ભારત સરકારના કેબીનેટ રાજ્યમંત્રી કૈલાશ ચૌધરીના વરદ હસ્તે આપવામાં આવ્યો હતો આમ ધીરેનભાઈ દેસાઈ ખરેખર ખેતીમાં આગવી કોઠાસૂઝ ધરાવે છે.

# જૈનાબાદમાં ગંદકીનું સામ્રાજ્ય



ચક્વાત ટીમ પાટડી, તા.૦૩

સુરેન્દ્રનગર જીલ્લા ના દસાડા તાલુકાના જૈનાબાદ માં ચારેબાજુ ગંદકી નું સામ્રાજ્ય માથાભારે તત્વો દ્વારા જ ગામ માં બેફામ પાણી રસ્તાઓ ઉપર ગંદકી સરપંચ દ્વારા વારંવાર નોટિસ ફટકારી છતાં ગામમાં અમૂક વિસ્તાર તો ટેકરાવાસ મોટી શેરી માં મચ્છરો નો ઉપદ્રવ વધ્યો છે અને ગામમાં નાના બાળકો વૃદ્ધો આ કોરોના વાઈરસ નોવેલ ૧૯ કોવીડ ની ભયંકર બિમાર ચાલે છે ત્યારે વારંવાર ઉચ્ચકક્ષાએ અધિકારીઓ ને રજૂઆત કરવામાં આવી છે.

# ઉપલેટામાં ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષેની થઈ સજા

ચક્વાત ટીમ કાનભાઈ સુવા, તા.૦૩

ઉપલેટા કોર્ટમાં ચેક રીર્ટનના કેસમાં આરોપીને ૧ વર્ષેની સાદી કેદની સજા અને ચેકની રકમ ફરીયાદીને વળતર પેટે ચુકવવા આદેશ કરવામાં આવ્યો હતો સાથે જ આરોપી ચેકની રકમ ચુકવે નહી તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે. ઉપલેટાના એડવોકેટ જે.ડી.ચંદ્રવાડીયાએ કેસની હકીકત જણાવેલ છે કે ઉપલેટાના રહીશ તથા ઉપલેટામાં વ્યવસાય કરતા દીનેશભાઈ ભીમજીભાઈ ચંદ્રવાડીયા સીમેન્ટ પ્રોડકટનો વ્યવસાય કરતા હોય તેની પાસેથી વર્ષે–૨૦૧૭ માં રાજકોટના રહીશ રાકેશ નરશીભાઈ દોંગાએ પેવર બ્લોકની બાકીમાં ખરીદી કરી તે રકમ




ચુકવવા માટે રૂા.૧,૪૩,૫૮૭/- નો ચેક લખી આપેલ હોય જે ચેક ફરીયાદીએ વટાવવા માટે રજુ કરતા જે ચેક ફંડ ઈન-સફીયન્ટના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ ઉપલેટાના એડવોકેટ જે.ડી. ચંદ્રવાડીયા મારફત ઉપલેટાની કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરતા જે કેસ ઉપલેટા મહે. જયુ. મેજી. કે.આર.ત્રીવેદીની કોર્ટોમાં ચાલી જતા તથા ફરીયાદીના એડવોકેટ જે.ડી. ચંદ્રવાડીયાએ ફરીયાદના સમર્થનમાં રજુ રાખેલ પુરાવા તથા સુપ્રીમ કોર્ટે તથા હાઈકોર્ટના ચુકાદાઓને નામદાર કોર્ટે માન્ય રાખી આરોપીને ૧ વર્ષેની સાદી કેદની સજા તથા ચેકની રકમનુ વળતર ચુકવવા હુકમ કરેલ છે તથા જો આરોપી ચેકની રકમ ચુકવે નહી તો વધારાની ૩ માસની સજાનો ન્યાયીક હુકમ ફરમાવેલ છે.

# મુંબઈમાં હાઈવે પર નકલી પોલિસ બતાવી ૨૫ લાખ લૂંટનાર ટોળકીના નવ ઝડપાયા

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૩

મુંબઈના અંધેરી વિસ્તારમા રહેતા વેપારીને મુંબઈ-અમદાવાદ હાયવે પર નકલી પોલિસે ધાક ધમકી આપી ૨૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવતા વાલિવ પોલિસે ગુનો દાખલ કરી ટોળકીના ૯ સભ્યોની અટક કરી છે.

મુંબઈના અંધેરી વિસ્તારમા સહારા રોડ પર હયાત રિજન્સીમા રહેતા અરિહંત અમિત પાબુલાલ (૨૭)ને કોવિડની મહામારી દરમિયાન હેન્ડ ગ્લોબ્ઝ, સેનિટાયઝર, તેમજ માસ્ક ખરીદવા હોવાથી તેણે મનોહરલાલ પટેલનો સંપર્ક સાધ્યો હતો.પટેલે માલ માટે રોકડા પૈસા લઈ વસઈ બોલાવતા તેઓ કારમા શુકવારે ૨૬ ફેબ્રુઆરીના રોજ સાંજે ગયા હતા. ત્યારેં મુંબઈ-અમદાવાદ હાયવે પર વસઈમા કાઠિયાવાડ હોટલ પાસે અચાનક પાછળથી એક કાર આવી જેમાથી બે પોલિસનો યુનિફોર્મ પહેરેલ લાકડી સાથે તેમજ બે અન્ય અન્ય ડ્રેસ પહેરેલ તેની કાર આગળ આવીને ઉભા રહ્યા હતા.તેઓએ પાબુલાલને લાકડી તેમજ દાંડા વડે માર મારી તેઓની કારમા બેસાડ્યા હતા.ત્યાર બાદ ૨૫ લાખ રૂપિયા ભરેલ રોકડ રકમની બેગ જબરદસ્તીથી લઈને અધ્ધવચ્ચે રસ્તામા ઉતારીં તેઓ મુંબઈ દિશા તરફ ભાગી ગયા હતા. લૂંટનો ભોગ બનેલ પાબુલાલે વાલિવ પોલિસમા ફરિયાદ કરી હતી. વાલિવ પોલિસે તપાસ કરીને ફરિયાદીને વસઈ બોલાવનાર આરોપી ગિરીશ શ્રીચંદ્ર વાલેચા ઉર્ફ મનોહરલાલ પટેલ (૨૭) સહિત ૯ આરોપીઓની અટક કરી છે.દરેક આરોપીઓ થાણામા રહે છે.પોલિસ તપાસ કરી રહી છે

# કાલાવડ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૨૧ વર્ષની યુવતીનો ભાજપમાંથી વિજય

ચક્વાત ટીમ રાજપરા, તા.૦૩

રાજપરા ગામના ભૂતપૂર્વ સરપંચ પ્રવીણભાઈ વણઝારાની પુત્રી અને ગુજરાત રાજ્યનું ગૌરવ એવા ઋષિતાબેન પ્રવીણભાઈ વણઝારા વિસાવદરના કાલાવડ તાલુકા પંચાયતની સીટ પરથી ચૂંટણી લડી બહુમતીથી વિજય મેળવ્યો છે. પિતાની લાડલી દિકરી એવી ઋષિતાં વણઝારા માત્ર ૨૧ વર્ષની છે. અને ભારત દેશમાં સૌથી નાની વયની ઉંમરે ચૂંટણી લડી અને જીત મેળવનાર એ પ્રથમ યુવતી છે. આ જીતનો શ્રેય તેમણે પોતાના પરિવારને આપ્યો હતો. અને તેમના પિતાની સખત મહેનત અને લોકસેવાના માધ્યમનાં લીધે આ વિજય શક્ય બન્યો છે. તેમના પિતા અને પરિવાર ખરેખર ધન્યવાદને પાત્ર છે કે તેમની દીકરીને સાચો રસ્તો બતાવી લોકોની સેવા માટેનો એક માર્ગ બતાવ્યો છે. વિસાવદર તાલુકાના રાજપરા ગામની, જ્યાં ૨૧ વર્ષની યુવતીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપમાંથી ચૂંટણી લડીને વિજય મેળવ્યો છે. કહેવાય ભણતર સાથે ગણતર પણ જરૂરી છે જેને સાર્થક બનાવવું કેમ એ તો કોઈ ઋષિતા પાસે થી જ શીખે. જેમને ૧૨ સાયન્સ પછી તેમને



લોકસેવા અને માનવ સેવા એજ પ્રભુ સેવાનાં મિશન ને સાર્થક કરવા તેમના પિતા સાથે રહી સામાજિક કર્યો ચાલુ કરેલા અને તેમના પરિણામ રૂપે તે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપમાંથી ચૂંટણી લડી વિજય થયા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણી જીત્યા પછી ગામડાઓ માં વિકાસના કર્યો કરીશું. પાક્કા રસ્તાઓ તેમનું પહેલું મહત્વનું કામ રહેશે તેમ જણાવ્યું હતુ અને બીજા તમામ સામાજિક કાર્યો કરીશું.

# વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે નવી ખિલખિલાટ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું

ચક્વાત ટીમ વાંકાનેર, તા.૦૩



મોરબી જીલ્લા જે રીતે ૧૦૮ એમ્બ્યુલન્સ ૨૪ કલાક કાર્યરત રહે છે અને નિઃશુલ્ક ભાવે માનવ સેવા કરી રહી છે, તેવી રીતે ખિલખિલાટ એમ્બ્યુલન્સ પણ મોરબી જિલ્લામાં સગર્ભા મહિલાઓને ચેક અપ માટે ઘરેથી સરકારી હોસ્પિટલ અને હોસ્પિટલથી ઘરે લઈ જવાનું કામ કરી રહી છે. જેમાં માતા અને બાળકને શારીરિક તપાસ માટે અને ડિલિવરી માટે ફ્રીમાં હોસ્પિટલે લઈ જવામાં આવે છે. ગુજરાત સરકારની ખિલખિલાટ મફત સેવામાં ગત ફેબ્રઆરી મહિનામાં આશરે ૨૦૦૦ જેટલા મહિલા લાભાર્થીએ લાભ લીધેલ છે.

મોરબી જિલ્લામાં મોરબી, વાંકાનેર, ટંકારા, માળીયા, જેતપર-મચ્છુ, હળવદ સહિત ટોટલ સાત જેટલી ખિલખિલાટ કાર્યરત છે. જેમાં આજે વધુ એક ખિલખિલાટ મફત એમ્બ્યુલન્સનું વાંકાનેર તાલુકામા લોકાર્પણ વાંકાનેર સરકારી હોસ્પિટલનાં સુપ્રિટેન્ડેન્ટ ડોકટર ફાલ્ગુની ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ કાર્યક્રમમાં વાંકાનેર સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ ડોક્ટર હરપાલસિંહ, ઓર્થો સર્જન ડોક્ટર જીગ્નેશ તેમજ વાંકાનેર સિવિલ હોસ્પિટલનો નર્સિંગ સ્ટાફ, ૧૦૮ સ્ટાફ તેમજ ખિલખિલાટ સ્ટાફ ખાસ હાજર રહ્યા હતા.

# રાજકોટની યુવતી ગુમ

ચક્વાત ટીમ રાજકોટ,તા.૩

રાજકોટમાં ભાવનગર રોડ, પર ચુનારાવાઢ ચોક આગળ દુધસાગર રોડ શિવાજીનગર શેરીન;-૧૨/૨૦ બંધ શેરી ખાતે રહેતા રમેશભાઈ શીવાભાઈ રામાણીની પુત્રી ઉમર ૧૫ વર્ષ ૧૦ માસ ગત તા.૦૧-૦૩-૨૧ના રોજ ૧૧-૦૦ કલાકના અરસામાં કોઈને કહયા વગર ઘરેથી નિકળી ગયા છે. તેઓ મધ્યમ બાંધાના ઘઉવર્ણા છે ચહેરો ગોળ અને ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ તથા તેઓએ પંજાબી ડ્રેસ પહેરેલ છે. ઉકત વર્ણનવાળા બહેનનો પત્તો અથવા જાણકારી મળ્યે નજીકના પોલીસ સ્ટેશનમાં અથવા થોરાળા પોલીસ સ્ટેશન ફોનનં-૦૨૮૧-૨૩૮૯૫૫૨ પર જાણ કરવા જાહેર અપીલ કરાઈ છે.

(અનુસંધાન પાના નં.3થી ચાલુ)

ખેતીમાં વીજળીમાં સબસિડી : રાજ્ય સરકાર ખેડૂતોને વીજળીમાં રૂ.૮.૪૧૦ કરોડની સબસિડી આગામી વર્ષે આપશે. તેમણે એમ કહ્યું કે આટલી સબસિડી કોઈ રાજ્ય આપતું નથી. તદ્દન નરદમ જુઠાણું છે આ. એકલા પંજાબમાં રૂ.૧૬.૪૦૦ કરોડની સબસિડી આપવામાં આવે છે. અન્ય અનેક રાજ્યોની સબસિડી ગુજરાત કરતાં વધારે છે.

બજેટ પ્રવચનમાં ભરપૂર મોદીભક્તિ અને ''ટીકા''નો તેમજ ''ચર્ચા''નો વિરોધ

આજે ગુજરાતના નાણાં પ્રધાન નીતિનભાઈ પટેલે રાજ્ય સરકારનું ૨૦૨૧-૨૨નું બજેટ નવમી વખત રજૂ કર્યું છે. તે અંગે કેટલાંક અવલોકનો નીચે મુજબ છે.

૧. નાણાં પ્રધાન જે લાંબી પ્રસ્તાવના બજેટ પ્રવચનમાં બાંધે છે તેની જરૂર છે જ નહિ. એ સમયનો બગાડ છે અને એ બજેટ વિશેની રજૂઆતને બાજુમાં હડસેલી દે છે. જે સરકારી સિદ્ધિઓ હોય તેને અંગેની ચર્ચા નાણાં પ્રધાન અન્ય સમયે વિધાનસભામાં કરી શકે છે. તેને બજેટમાં થતા આવક અને ખર્ચ સાથે કશો સીધો સંબંધ હોતો નથી. બજેટ પ્રવચનનો આવો કેટલોક ભાગ કવિતા જેવો લાગે છે.

૨. નાણાં પ્રધાને બજેટ પ્રવચનમાં આરંભમાં વડા પ્રધાન અને મુખ્ય પ્રધાનનું નામ વારંવાર લીધું અને એ સિવાય પણ

આભાર - નિહારીકા રવિયા તેમના આખા ભાષણમાં લીધા જ કર્યું. એ તેમના પ્રત્યેની અનન્ય ભક્તિ સિવાય કશું દર્શાવતું નથી. આ જાણે કે એક રિવાજ થઈ ગયો છે.

૩. સરકારની ''ટીકા ના કરતા'' એમ પણ નાણાં પ્રધાને કહ્યું. આમ કહીને તેમણે સરકારની ટીકા ના થાય એમ કહ્યું. ''ગુજરાત, ઉદ્યોગપતિઓ અને સાહસિકો'' વગેરેની ટીકા કરીને ''બદનામ'' ના કરશો એમ પણ તેમણે કહ્યું એમ લાગે છે કે સરકારની જે કોઈ ટીકા કરવામાં આવે છે તે રાજ્ય સરકાર વગેરેને ''બદનામ'' કરવા માટે કરવામાં આવે છે એવી એક માનસિકતા રાજ્ય સરકારે ઉભી કરી છે. ગુજરાત સરકારની ટીકા ગુજરાતને ''બદનામ'' કરવા માટે કરવામાં આવે છે એમ કેવી રીતે કહેવાય ? તેમણે એમ પણ કહ્યું કે ''કોઈ ટીકા કરતા હોય તો ભવિષ્યમાં ના કરે.'' એટલે શું સરકારની ટીકા જ નહિ કરવાની ? એક મુદ્દે ''આને ચર્ચાનો વિષય બનાવશો નહિ'' એમ પણ તેમણે કહ્યું. એટલે શું ચર્ચા જ નહિ કરવાની?

૪. આની ''માગણી હતી'' તેની ''માગણી હતી'' એમ વારંવાર નાણાં પ્રધાન કહે છે અને શી જોગવાઈ એ માગણી સંતોષવા કરવામાં આવી છે તે કહે છે. આવું બધું બજેટ પ્રવચનમાં બોલવાની શી જરૂર છે તે સમજાતું નથી. કેન્દ્રના નાણાં પ્રધાન આવું કશુંય ક્યારેય બોલતા નથી. બજેટ પ્રચવન જાણે કોઈ જાહેર સભાનું પ્રવચન હોય એમ લાગે છે. બજેટ એટલે બજેટ, એટલે આવક અને અર્ચની રજૂઆત. એ સિવાય એમાં કશું ના હોય. ''પાણી એ ભગવાનનો પ્રસાદ છે'' એવું બધું શા માટે બોલવાનું ? વારંવાર ધારાસભ્યોનાં નામ બોલ્યા કરે છે અને વારંવાર જાતે જાતે પોતાને અને સરકારને અભિનંદન આપ્યા જ કરે છે. આવી બધી વાતો ફાલતુ વાતો લાગે છે. લખેલું બજેટ પ્રવચન વાંચવાને બદલે કેટલું બધું બોલ બોલ કરે છે!!! શબ્દાળુતાથી ભરચક એવું બજેટ પ્રવચન!!

૫. ''અમારી ભાજપ સરકાર'' એવા શબ્દો પણ નાણાં પ્રધાન બોલતા જ રહ્યા. ''રાજ્ય સરકર'' શબ્દ વધારે વાજબી ના કહેવાય ? સરકાર ચૂંટાય પછી સમગ્ર રાજ્યના નાગરિકોની બને છે એ બાબતે તેઓ ભૂલી જતા લાગે છે.

૬. નાણાં પ્રધાન બજેટ સિવાયનું કેટલું બધું બોલ બોલ કરે છે !! બિન-જરૂરી રીતે બજેટ પ્રવચન લંબાવવાની તેમને ટેવ પડી ગઈ છે!!!

૭. ''ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ'' એવું પણ નાણાં પ્રધાન બોલ્યા. અરે, આ તો દર વર્ષે હોય છે જ, કારણ કે દર વર્ષે સરકારનું ખર્ચ વધતું જ જાય છે. એમાં વળી કઈ મહાન સિદ્ધિ છે ?

અને હા, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી નાણાં પ્રધાનના પ્રવચનને અટકાવીને વચ્ચે બોલે અને સરકારની આરોગ્ય ક્ષેત્રની કામગીરીની પ્રશંસા કરે એ તો હદ થઈ ગઈ!! આ શું યોગ્ય છે ? આ અધ્યક્ષના હોદ્દાને છાજે છે ? નાણાં પ્રધાને પોતે રાજ્ય સરકારની પ્રશંસા કર્યા જ કરી તે હું ઓછી હતી તે અધ્યક્ષ વચ્ચે કૂદી પડ્યા ? અધ્યક્ષ ફરી પણ એક વાર બોલ્યા હતા!!!

અને હા, બીજી એક આડ વાત. નાણાં પ્રધાનના બજેટ પ્રવચનમાં ગુજરાતી ભાષાની તો જે હત્યા થાય છે તેની તો વાત જ શી કરવી ? તેમની વાક્ય રચનાનાં તો કોઈ ઠેકાણાં જ નથી હોતાં...!!!

## ટેસ્ટ ક્રિકેટમાં મેચ પાંચ દિવસ ચાલે એ માટે રમીએ છીએ કે ગેમ જીતવા માટે? : વિરાટ કોહલી



અમદાવાદ,તા.૩

ઈન્ડિયા-ઈંગ્લેન્ડ વચ્ચે ચાર ટેસ્ટ શ્રેણીની અંતિમ મેચ આવતીકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. મેચના એક દિવસ પહેલાં ભારતીય કપ્તાન વિરાટ કોહલીએ મીડિયા સાથે વાત કરી હતી. કોહલીએ કહ્યું હતું કે સ્પિનિંગ વિકેટ્સ વિશે વધારે પડતી ચર્ચા થઈ રહી છે. આપણા મીડિયાએ એક વ્યૂ પ્રેઝન્ટ કરવો જોઈએ કે સબકોન્ટિન્ટમાં સ્પિનને મદદ કરતી વિકેટ્સ વાજબી છે. તમે જ કહો ટેસ્ટ ક્રિકેટમાં મેચ ૫ દિવસ ચાલે એ માટે રમીએ છીએ કે ગેમ જીતવા માટે?


અમે ન્યૂઝીલેન્ડમાં ૩ દિવસની અંદર હારી ગયા ત્યારે કોઈએ પિચ અંગે વાત નહોતી કરી. ભારતીય ટીમની તાકાત છે કે અમે ટીમ તરીકે પોતાના પર ફોકસ કરીએ છીએ અને પિચને હાઈલાઈટ કરતા નથી. એક બેટ્સમેન તરીકે મારું કામ રન બનાવી ટીમને મેચ જિતાડવાનું અને ઈન્ડિયન ક્રિકેટને આગળ લઈ જવાનું છે.

મને ખબર નથી પડતી કે ત્રીજી ટેસ્ટ પછી બોલ અને પિચ બાબતે આટલી બધી ચર્ચા કેમ થઈ રહી છે. મેચમાં બંને ટીમના બેટ્સમેનોએ ખરાબ દેખાવ કર્યો હતો. પિચ ખરાબ હતી તેવું નહોતું, પરંતુ બેટ્સમેન પોતાની ક્ષમતા મુજબ દેખાવ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. તેઓ પોતાની સ્કિલનો ઉપયોગ કરી શક્યા નહોતા. કોહલીએ કહ્યું હતું કે ચેતેશ્વર પૂજારા સારી રીતે જાણે છે કે ટીમમાં તેનો રોલ શું છે. અગાઉ વિદેશમાં ખરાબ દેખાવ બદલ તેની ટીકા થતી હતી. હવે તેણે ત્યાં સારું પ્રદર્શન કર્યું. ઘરઆંગણે થોડાક ખરાબ પ્રદર્શન બદલ બધા તેને ક્રિટિસાઈઝ કરી રહ્યા છે. મેં પહેલાં પણ કહ્યું છે અને ફરીથી કહું છું ટેસ્ટ ક્રિકેટમાં પૂજારા અને અજિંક્ય રહાણે અમારા બે સૌથી મહત્ત્વના બેટ્સમેન છે.

## વિડીયો શેર કરતાની સાથે જ પાકિસ્તાનની અભિનેત્રી માહિરા ખાન થઈ ગઈ ટ્રોલ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

પાકિસ્તાની અભિનેત્રી માહિરા ખાન સોશિયલ મીડિયા પર ખુબજ સક્રીય છે. તેની તસવીરો અને વીડિયો અવારનવાર સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે. હાલમાંજ માહિરાએ ઈંસ્ટાગ્રામ પર એક જાહેરાતનો વીડિયો શેર કર્યો. આ ટીવી કમર્શિયલનને શેર કરતા માહિરાએ લખ્યુ કે પ્યોર મેન્ગો પ્લેઝર. હવે આ જાહેરાતને લઈને ભારતીય સોશિયલ મીડિયા પર યૂઝર્સ માહિરાને ટ્રોલ કરવા લાગ્યા છે. બોલિવુડ ફિલ્મોમાં કામ કરી ચુકેલી માહિરા ખાન જાહેરાતમાં મેન્ગો કોલ્ડ ડ્રિંક પીતી નજરે ચડે છે.



આ જાહેરાતમાં માહિરા ખુબસુરત લાગી રહી છે તો પ્રશંસકો ટ્રોલ કેમ કરી રહ્યા છે? વાત જાણે એમ છે કે આ વીડિયોને એજ અંદાજથી શુટ કરવામાં આવ્યો જેમ ભારતીય જાહેરાત કેટરીના કૈફને શુટ કરવામાં આવી હતી ડીટો કોપી સહેજ પણ ફેરફાર નહી આથી દર્શકો બરાબરના ભડક્યા હતા. આટલુ જ નહી આ વીડિયોમાં માહિરાનો ડ્રેસ અને કોલ્ડ ડ્રિંક પીવાનો અંદાજ કેટરીના કૈફ જેવો જ છે. આ વીડિયો જોયા પછી પ્રશંસકો માહિરાને ટ્રોલ કરવા લાગ્યા છે. દર્શકોનું કહેવુ છે કે માહિરાએ કેટરીનાની કોપી કરી છે. એક યૂઝરે લખ્યુ કે પાકિસ્તાની કેટરીના, તો બીજા એક યૂઝરે કહ્યુ અરે પોતાની જાતને કેટરીના ન સમજતી. ભારતીય અભિનેત્રી કેટરીના કેફનો આમસૂત્ર વાળો વીડિયો ખુબજ લોકપ્રિય થયો હતો. ગરમી શરૂ થતા જ આ જાહેરાતનું પ્રસારણ કરવામાં આવે છે તેની લોકપ્રિયતા જોઈને જ પાકિસ્તાનના એડ મેકરે ખોટી મહેનત કર્યા વગર સીધી કોપી જ મારી દીધી છે.

## હરભજનનું એક્ટિંગમાં ડેબ્યુ : તામીલ ફિલ્મ 'ફ્રેન્ડશીપનું ટીઝર થયું રિલીઝ'



મુંબઈ,તા.૩

ક્રિકેટ બાદ હવે હરભજન સિંહ ફિલ્મી દુનિયામાં જોવા મળશે. સોમવાર, પહેલી માર્ચના રોજ હરભજનની પહેલી તમિળ ફિલ્મ 'ફ્રેન્ડશિપ'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું. હરભજને સો.મીડિયામાં આ ફિલ્મનું ટીઝર ત્રણ ભાષા તમિળ, તેલુગુ તથા હિંદીમાં શૅર કર્યું હતું. રોમેન્ટિક-સ્પોર્ટ્સ ફિલ્મથી ભજ્જી તમિળ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે.

હરભજને ફિલ્મનું ટીઝર શૅર કરીને કહ્યું હતું, 'શાર્પ, ક્રિસ્પ, ઈન્ટેસ, આ રહ્યું મારી ફિલ્મ 'ફ્રેન્ડશિપ'નું ટીઝર. એન્જોય કરો.' ભજ્જીની આ ફિલ્મ ત્રણ ભાષામાં તમિળ, તેલુગુ તથા હિંદીમાં રિલીઝ કરવામાં આવશે. ફિલ્મનું ટીઝર રિલીઝ થયા બાદ જ હરભજનના ક્રિકેટર્સ, ચાહકો, પરિવાર તથા બોલિવૂડ સેલેબ્સ સો.મીડિયામાં શુભેચ્છા પાઠવી રહ્યાં છે અને તેની એક્ટિંગના વખાણ કરે છે. સુરેશ રૈના તથા વીવીએસ લક્ષ્મણે પણ ફિલ્મનું ટીઝર શૅર કરીને હરભજનને શુભેચ્છા પાઠવી હતી. 'ફ્રેન્ડશિપ'માં હરભજન કોલેજ સ્ટૂડન્ટના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ એક્શન, રોમાન્સ, કોલેજ લાઈફ તથા ક્રિકેટ પર આધારિત છે. આ પહેલાં હરભજને કેટલીક ફિલ્મમાં કામ કર્યું હતું.

## ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટમાં ભારતીય ટીમમાં થઈ શકે છે છ મોટા ફેરફાર

અમદાવાદ,તા.૩


ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આવતીકાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અમદાવાદ ખાતે ચોથી ટેસ્ટ રમાશે. ભારત આ ટેસ્ટ જીતે અથવા ડ્રો કરે તો વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ક્વોલિફાઈ કરી લેશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અનેક નવા રેકોર્ડ્સ પણ છે, જે આ મેચ દરમિયાન બની શકે છે. એક નજર કરીએ આ દરેક સંભવિત ઘટના પર, જે મેચ દરમિયાન નવા રેકોર્ડ સર્જી શકે છે.

ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિન ઈન્ટરનેશનલ ક્રિકેટમાં દેશનો ફોર્થ હાઈએસ્ટ વિકેટ ટેકર બની શકે છે. ભારત માટે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ શિકાર કરવાનો રેકોર્ડ અનિલ કુંબલેના નામે છે. કુંબલેએ ત્રણેય ફોર્મેટમાં કુલ ૯૫૬ વિકેટ ઝડપી છે. હરભજન સિંહ ૭૧૧ વિકેટ, કપિલ દેવ ૬૮૭ વિકેટ અને ઝહીર ખાન ૬૧૦ વિકેટ સાથે અનુક્રમે બીજા, ત્રીજા અને ચોથા સ્થાને છે. અશ્વિનની અત્યારે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કુલ ૬૦૩ વિકેટ છે. તે ચોથી ટેસ્ટની બંને ઈનિંગ્સમાં થઈને કુલ ૮ વિકેટ લે તો ઝેકને પાછળ છોડીને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં દેશનો ફોર્થ હાઈએસ્ટ વિકેટ ટેકર છે. ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટમાં કોહલી બેટથી અને અશ્વિનથી બોલથી મેજર યોગદાન આપશે તેવી ફેન્સને આશા છે.

## એક્ટ્રેસ કિમ કાર્દશીયાનો એક્સ હસબન્ડ હોવાનો હિડન હિલ્સના શખ્સનો દાવો

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

હોલીવુડ સુપરસ્ટાર કિમ કાદર્શિયા હંમેશા કોઈને કોઈ વાતે ચર્ચામાં છવાયેલી રહે છે. આ વખતે અભિનેત્રી ચર્ચામાં આવી તેની પછળ એક અજીબ કારણ છે. એક માણસે દાવો કર્યો છે કે તે હોલીવુડ સુપરસ્ટાર કિમ કાર્દશિયાનો એક્સ હસબન્ડ છે. આ શખ્સ કિમના ઘરમાં ઘુસવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે પકડાઈ ગયો હતો. જાણકારી અનુસાર આ માણસ કિમના ઘરમાં તાકી રહ્યો હતો. કિમની એક ઝલક મળે તે માટે તે આવા પ્રયત્ન કરી રહ્યો હતો. જાણકારી અનુસાર હિડન હિલ્સમાં સ્થિત કિમના ઘરના મેન ગેટથી અંગર ઘુસી ગયો હતો



આ શખ્સ. મીડિયા રીપોર્ટ અનુસાર સિક્યોરીટી કર્મચારીએ આ માણસને કિમની નજીક પહોંચે તે પહેલા જ પકડી લીધો હતો. પકડાઈ ગયા પછી જ્યારે આ માણસને પુછવામાં આવ્યુ તો તેણે દાવો કર્યો કે તે કિમનો એક્સ હસબન્ડ છે. આ માણસે કહ્યુ કે તે કિમને મળવા માંગે છે આજ કારણે તે આ રીતે ઘરમાં ઘુસ્યો હતો. આ શખ્સ આ રીતે છુપાઈને સુપરસ્ટારના ઘરમાં ઘુસવાનો આરોપ લાગ્યો છે જો કે પાછળથી આ શખ્સને છોડી દેવામાં આવ્યો હતો. કિમ હમણા તેના છુટાછેડાના સમાચારને લઈને ચર્ચામાં છવાયેલી છે.

૧૯ વર્ષની ઉંમરે પહેલા લગ્ન કરનાર કિમ અત્યાર સુધીમાં ત્રણ લગ્ન કરી ચુકી છે. થોડા સમય પહેલા જ ત્રીજા પતિથી કિમના છુટાછેડા થયા છે. તેના ત્રીજા પતિનું નામ કાન્યે વેસ્ટ છે. બંનેના ૬ વર્ષના લગ્નજીવનનો અંત આવ્યો છે. કપલ માટે આ સંબંધ ભારે ઉથલ-પાથલ વાળો રહ્યો.

## દિશા પટણીએ 'એક વિલન રિટર્ન્સ'નું શૂટિંગ કર્યું શરૂ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

ફિલ્મ નિર્માતા મોહિત સુરીએ આખરે તેની ૨૦૧૪ ની એક્શન થ્રિલર ફિલ્મ એક વિલનની સિક્વલનું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ ફિલ્મની સિક્વલને લઈને ઘણી ચર્ચા થઈ હતી અને આખરે આ ફિલ્મ ફ્લોર પર આવી ગઈ છે. એક વિલન રિટર્ન્સ સ્ટાર્સ દિશા પાટની, જ્હોન અબ્રાહમ, તારા સુતરિયા અને અર્જુન કપૂર મુખ્ય ભૂમિકામાં છે. આ માહિતી મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી છે અને કેટલીક તસવીરો પણ શેર કરવામાં આવી છે. નિર્માતાઓએ બ્લેક જેકેટમાં જ્હોન અને દિશાની તસવીરો શેર કરી છે,

જ્યારે દિગ્દર્શક મોહિત સુરી, નિર્માતા ભૂષણ કુમાર અને વિલન રિટર્ન્સ ટીમ એક ફોટામાં જોવા મળી રહી છે. ફિલ્મના શૂટિંગ વિશે વાત કરતાં મોહિતે કહ્યું, "હું એક વિલન રિટર્ન્સનું શૂટિંગ શરૂ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. હું આતુરતાથી આ દિવસની રાહ જોતો હતો. દુર્ભાગ્યે, મહામારી સાથે, વસ્તુઓ અટકી ગઈ પણ હવે મને આનંદ થયો કે આપણે જ્યાં છીએ ત્યાં પાછા આવ્યા છીએ – મૂવીઝ બનાવવી! હું આ સાથે વિલનનો જાદુ ફરીથી બનાવવાની આશા રાખું છું. જ્હોને ઈન્સ્ટાગ્રામ પર ફોટા શેર કર્યા છે. 'એક વિલન રિટર્ન્સ'ની ટીમ મુંબઈના પ્રખ્યાત થિયેટર ગેઈટી ગેલેક્સીની બહાર પોઝ આપતી જોઈ શકાય છે. બીજી તસવીરમાં, જ્હોન અને દિશા જહાજના કપ્તાન મોહિત સાથે પોઝ આપતાની સાથે બધાના ચહેરા પર સ્માઈલ દેખાઈ રહી હતી. દિશાએ તેના ઈન્સ્ટરગ્રામ પર એક તસવીર પણ પોસ્ટ કરી હતી જેમાં તે બ્લેક જેકેટ પહેરેલી નજરે પડે છે જેમાં લખેલું છે, 'એક વિલન રિટર્ન્સ'.

## પંજાબમાં અજય દેવગણની કાર ૧૫ મિનીટ સુધી અટકાવનારની ધરપકડ

મુંબઈ

મુંબઈ ફિલ્મ સિટીના ગેટ પર મંગળવાર, ૨ માર્ચના રોજ રાજદીપ રમેશ સિંહ નામની વ્યક્તિએ અજય દેવગનની કાર અટકાવી દીધી હતી. અજય સવારે ૧૦.૩૦ વાગે 'ગંગુબાઈ કાઠિયાવાડી'ના સેટ પર આવ્યો હતો. રાજદીપ નામની વ્યક્તિએ પોતાને ખેડૂત આંદોલનનો સમર્થક ગણાવ્યો હતો. તેણે અજય દેવગનને સવાલ કર્યો હતો કે તે ખેડૂત આંદોલનના સમર્થનમાં કેમ કંઈ બોલતો નથી. રાજદીપે ૧૫ મિનિટ સુધી એક્ટરની કાર અટકાવી હતી અને ખેડૂતોના સમર્થનમાં સો. મીડિયામાં પોસ્ટ કરવાની માંગણી કરી હતી.



## ડિપ્રેશનમાંથી પસાર થઈ હોવાનો અંકિતા લોખંડેનો ખુલાસો



મુંબઈ,તા.૩

બોલિવૂડ તથા ટીવી એક્ટ્રેસ અંકિતા લોખંડેએ સોમવાર, ૧ માર્ચના રોજ સો.મીડિયામાં લાઈવ આવીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. અંકિતાને દિવંગત એક્ટર સુશાંતના ચાહકો સતત ટ્રોલ કરે છે અને આ વાતથી તે મુશ્કેલીમાં છે. અંકિતાએ હવે જ્યારે પણ ફોટો કે વીડિયો શૅર કરે છે તો સુશાંતના ચાહકો તેને ખરું-ખોટું સંભળાવે છે. અંકિતા આ વાતથી ઘણી જ દુઃખી છે. સુશાંતનું ગયા વર્ષે ૧૪ જૂનના રોજ મોત થયું હતું. સુશાંત કેસની તપાસ ઝ્રમ્ૈં કરે છે.

અંકિતાએ સો.મીડિયામાં લાઈવ સેશનમાં આવીને કહ્યું હતું, 'હું પણ ડિપ્રેશનમાંથી પસાર થઈ ચૂકી છે. જોકે, મેં ક્યારેય આ વાત શૅર કરી નથઈ. હું પણ બહુ જ ખરાબ હાલતમાં હતી. મને પણ તકલીફ થઈ હતી. હું પણ રડી હતી. ત્યારે મારી સાથે કોઈ નહોતું, પરંતુ મારો પરિવાર હતો. મારા કેટલાંક ચાહકો જે આજે પણ મારી સાથે ઊભા છે.'

અંકિતાએ સુશાંતના ચાહકોને અપીલ કરી હતી કે તેના પર આંગળી ચિંધવામાં ના આવે, કારણ કે તેઓ તેની પૂરી વાત જાણતા નથી. અંકિતાએ કહ્યું હતું, 'બધાના જીવનમાં પોત-પોતાનુ મોટિવ હોય છે. સુશાંત હંમેશાં જીવનમાં આગળ વધવા માગતો હતો અને તેણે તે કર્યું. તે પોતાના રસ્તે જતો રહ્યો. તેના માટે હું કેવી રીતે ખોટી સાબિત થઈ? મને કેમ ગાળો ભાંડવામાં આવે? મેં શું ખોટું કર્યું? તમે લોકો મારી વાત પૂરી જાણતા નથી તો મને બ્લેમ કરવાનું બંધ કરો. આ બહુ જ દર્દનાક હોય છે.'

અંકિતાએ આગળ કહ્યું હતું, 'મને દોષ આપવાનું બંધ કરો, કારણ કે હું ક્યાંય સીનમાં નથી. હું આટલા વર્ષોથી કોઈના જીવનમાં નહોતી. જોકે, મારી જવાબદારી તેની તરફ હતી અને મેં તે સારી રીતે પૂરી કરી. જો તમને હું પસંદ નથી તો મને ફોલો કરવાનું બંધ કરો.'

અંકિતા તથા સુશાંત ટીવી સિરિયલ 'પવિત્ર રિશ્તા'ના સેટ પર નિકટ આવ્યા હતા. છ વર્ષ સુધી લિવ ઈનમાં રહ્યા બાદ ૨૦૧૬માં બંનેનું બ્રેકઅપ થયું હતું. બ્રેકઅપ બાદ સુશાંતના સંબંધો રિયા ચક્રવર્તી સાથે બંધાયા હતા અને બંને લિવ ઈનમાં રહેતા હતા. અંકિતા મુંબઈના બિઝેસમેન વિકી જૈનને ડેટ કરવા લાગી. લૉકડાઉનમાં બંનેએ સગાઈ કરી હોવાની ચર્ચા છે. માનવામાં આવે છે કે બંને આ વર્ષે લગ્ન કરશે.

# વડોદરામાં એક જ પરિવારના છ સભ્યોનો સામૂહિક આપઘાત : ત્રણ સભ્યોનું મોત, ત્રણની હાલત ગંભીર

વડોદરા,તા.૩

વડોદરામાં સામૂહિક આપઘાતનો બનાવ સામે આવ્યો છે. શહેરના સમા વિસ્તારમાં આવેલી સ્વાતિ સોસાયટીના શિવશક્તિ બંગલોમાં એક સોની પરિવારે ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં પરિવારના ૩ સભ્યોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે ૩ને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવારાર્થે ખસેડવામાં આવ્યા છે.આ બનાવમાં થમ્પ અપમાં ઝેર મેળવીને પીધા બાદ ભાવિન સોનીએ પોલીસ કંટ્રોલમાં ફોન કરીને કહ્યું હતું કે, આખા પરિવારે ઝેર પી લીધું છે. ઘરને તાળું માર્યુ છે અને ચાવી બહાર નાખી છે તો એનાથી ઘર ખોલીને આવજો.



વડોદરાના સમા વિસ્તારમાં આવેલી સ્વાતિ સોસાયટીમાં ભાડા રહેતા સોની પરિવારે સામૂહિક આપઘાત કર્યો છે. આપઘાત કરવા પાછળ આર્થિક સ્થિતિ કારણભૂત છે. પરિવારનો ધંધો બંધ થઈ જતા અને બીજે ધંધો બરાબર ન ચાલતા બાળકો સાથે ૬ સભ્યોના પરિવારે ઝેરી દવા પીવાની નોબત આવી હતી. જેમાં ઘરના મોભી, પૌત્ર, અને તેમની ધોરણ ૧૨માં અભ્યાસ કરતી દીકરીનું કરૂણ મોત થયું છે. જ્યારે મોટો દીકરો અને તેની પત્ની સહિતના ૩ પરિજનો હાલ સારવાર હેઠળ છે.સમા વિસ્તારની સ્વાતિ સોસાયટીમાં જ મકાન નંબર ૧૮માં રહેતા લોકડાઉન વખતે જ આર્થિક સ્થિતિ કથળી જતાં નરેન્દ્ર સોનીએ ઘર વેચી દેવું પડ્યું હતું. આઠ માસ પૂર્વે એમને આ મકાન ૨૬ લાખમાં વેચી દીધું હતું. એટલું જ નહીં પરિવારની હાલત એટલી હદે કથળી ગઈ હતી કે વેચેલા મકાનને બદલે સોસાયટીમાં જ અન્ય મકાનમાં ભાડે રહેવા જવું પડ્યું હતું.

દવા પીધા બાદ ગંભીર હાલતમાં સોની પરિવારના ૩ સભ્યોને છાણીમાં આવેલી શ્રીજી હોસ્પિટલમાં ખસેડાયા છે. જ્યાં દિપ્તી સોની અને ભાવિનની પત્ની ઉર્વશી સોનીની હાલત ખરાબ છે અને બંનેને ICUમાં ખસેડાયા છે. જ્યારે ભાવિન સોનીની તબિયત સ્ટેબલ છે.

## વડોદરા સેન્ટ્રલ જેલના કેદીઓ દ્વારા સંચાલિત રેડિયો સ્ટેશન થશે શરૂ

(જી.એન.એસ.)વડોદરા,તા.૩

વડોદરા સેન્ટ્રલ જેલના કેદી કલ્યાણ અને સુધારણાના ઉજ્જ્વળ આયામોમાં વધુ એક યશસ્વી પ્રકરણ આજે આજથી ઉમેરાશે. તેની સાથે રાજ્યની ચોથી જેલ કેદીઓના માનસ પરિવર્તન અને મનોરંજન માટે પોતીકા એફએમ રેડિયોના યુગમાં પ્રવેશ કરશે. રચનાત્મકતાનું સિંચન કરતી સર્જનાત્મકતા કેદીઓના જીવન પરિવર્તનનું સશક્ત માધ્યમ બની શકે એવી લાગણી વ્યક્ત કરતા જેલ અધિક્ષક બળદેવસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, જેલોના મહા નિર્દેશક-ડી.જી.ના સીધા આદેશ થી વડોદરા જેલમાં આ એફએમ રેડિયો સ્ટેશન ચાલુ કરવામાં આવ્યુ છે.

## આઈશા કેસ : પતિ આરીફના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૩

થોડા દિવસ પહેલા ચર્ચિત થયેલી આઈશાની આત્મહત્યા બાબતે આજે પોલીસ દ્વારા કોર્ટમાં પતિ આરિફને લાવવામાં આવ્યો હતો અને ત્યાં પોલીસ દ્વારા ૫ દિવસના રિમાન્ડની માગ કરી હતી. જો કે, કોર્ટે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે આરોપીનો ફોન કબ્જે લેવા ઉપરાંત દહેજ, અન્ય યુવતી સાથેના સંબંધો લઈ પૂછપરછ કરવા રિમાન્ડ કરી માગણી કરી હતી. ફરિયાદીના વકીલ ઝફરખાન પઠાણ મુજબ, આઈશાએ મોતની ૧૦ મિનિટ પહેલા આરોપી પતિ સાથે બાળક અંગે વાતચીત કરી હતી.

## ગોંડલ હાઈ-વે પર ટ્રક-બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત : એકનું મોત

(જી.એન.એસ.)રાજકોટ,તા.૩

હજુ રાજકોટમાં એકસાથે બે અકસ્માતના બનાવો બન્યા હતા. જેમાં ઘટનાસ્થળે જ બે વ્યક્તિઓના મૃત્યુ થયા હતા. ત્યારે આજે ફરી આટકોટના ગોંડલ હાઈવે પાસે યમદૂત બનીને આવેલા ટ્રકે સામેથી આવતા બાઈક ચાલકને હડફેટે લેતા બાઈક સહિત ચાલકને ૩૦૦ મીટર સુધી ઢસડ્યો હતો અને બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. પ્રાપ્ત વિગત અનુસાર ગોંડલ હાઈવે પાસે આવેલા ખારચીયા નજીક ગોંડલથી ટ્રક આવતો હતો. આટકોટ તરફ જતો ટ્રક ડ્રાઈવર સંપૂર્ણ પણે બેફામ બનીને ટ્રક હંકારતો હતો.

એ સમયે સામેથી બાઈક આવતા ટ્રક અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. જેમાં ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત હતું અને ટ્રક ખાડામાં પલ્ટી મારી ગયો હતો. જ્યારે બાઈકનો પણ ભુક્કા બોલી ગયો હતો. આ અકસ્માત સર્જાતા ઘટનાસ્થળે લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા. આ અકસ્માત થતાં આટકોટનાં ‍ૈજૈં કે.પી.મેતા, સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ઘટના સ્થળે લોકોએ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે મૃતક બાઈક ચાલક દડવા ગામનો વતની હતો અને તેનું નામ દેવેન્દ્ર વિરાભાઈ રાઠોડ છે. લાશને પોસ્ટમોટમ માટે જસદણ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

# રાજકોટ : હોસ્પિટલ ચોકમાં વૃદ્ધની હત્યા બાદ પોલીસ તપાસનો ધમધમાટ

**વિશ્વાસપાત્ર સુત્રોની વિગતો અનુસાર મૃતક પિપરડી ગામનો નિવાસી, રખડતું ભટકતું જીવન પસાર કરતો હતો**



**સાંજના સમયે સ્ટેટ બેંક નજીક આ વૃદ્ધને કોઈએ કપાળે પથ્થરનો ઘા માર્યાનું બહાર આવ્યું**

ચક્રવાત ટીમ, રાજકોટ તા.૩

આજે ઢળતી સાંજે શહેરનાં હોસ્પિટલ ચોક વિસ્તારમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસે એક અજાણ્યા શખ્સની હત્યા થયાની વિગતો પોલીસ મથકે પહોંચતા એ.ડીવીઝન પોલીસ મથકનાં પોલીસ ઈન્સ્પેક્ટર તથા મદદનીશોએ ઘટનાસ્થળે પહોચી બનાવ અંગે તલસ્પર્શી વિગતો મેળવવા તથા મૃતકની ઓળખનાં પ્રયાસો હાથ ધરી ઘટના અંગે ઉચ્ચ અમલદારોને જાણ કરતા નાયબ કમિશ્નર તથા સહાયક કમિશ્નર પણ ઘટનાસ્થળે દોડી આવેલ હતા.

શહેરમાં સામાન્યરીતે વાહનવ્યવહાર અને રાહદારીઓથી સતત ધમધમતા રહેતા હોસ્પિટલ ચોક નજીક ઓવરબ્રિજ નિર્માણનું કામ ચાલુ હોવાથી બંધ કરાયેલ માર્ગ પાસે કોઈ અજાણ્યો શખ્સ ઈજાગ્રસ્ત હાલતમાં પડ્યો હોવાની જાણ થતાં એ.ડી.વીઝનનાં પોલીસ ઈન્સ્પેક્ટર સી.જી.જોષી, સબ ઈન્સ્પેક્ટર એસ. એચ. નિમાવત તેમના મદદનીશોએ સાથે ઘટનાસ્થળે પહોચી જઈ ઈજાગ્રસ્ત પુરૂષની ઓળખ મેળવતાં આ વ્યક્તિ બહારગામ પીપરડી ગામનો કાળુભાઈ પાલાભાઈ પરમાર (ઉ.વ.૫૦ આશરે) હોવાનું ખુલ્યું હતું.

હોસ્પિટલ ચોકમાં ચાલતા બ્રિજના નિર્માણ કાર્યસ્થળ નજીક કાળુભાઈ પરમારને કોઈ અજાણ્યા શખ્સોએ માથાના ભાગે પથ્થરનો ઘા ઝીંકતા ઈજાગ્રસ્ત થયા બાદ તેમનું મૃત્યુ નિપજેલ હતું. પોલીસ દ્વારા મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટમોર્ટમ તેમજ હત્યાના બનાવમાં સંકળાયેલ શખ્સોનો શોધખોળ કરવા પોલોસ સ્ટાફ તમેજ બાતમીદારોને કામે લગાડેલ છે. મૃત્યુ પામનાર શખ્સ રખડતુ ભટકતુ જીવન ગુજારતો હોવાનું તેમજ અવારનવાર પીપરડીથી રાજકોટ આવતો જતો હતો.

જાણકાર સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર કાળુભાઈ આજે બપોર બાદ પીપરડીથી રાજકોટ આવેલ દરમ્યાન સાંજના ૭:૧૫ કલાક આસપાસ હોસ્પિટલ ચોક નજીક એસ. બી.આઈ. પાસે કોઈ સાથે બોલાચાલી થતાં તેમને માથાના ભાગે નજીકમાં જ ચાલતા ખોદકામના પડેલ પથ્થરોમાંથી હત્યારાએ પથ્થર ઉઠાવી કાળુભાઈના માથાના ભાગે કપાળ પર ઝીકતા તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું.

આ બનાવની જાણ એ.ડીવીઝન પોલીસ મથકનાં ઈન્સ્પટક્ટર સી.જી. જોષીને થતાં મદદનીશો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા બાદ ઘટના અંગે ઉચ્ચ અમલદારોને વાકેફ કરતાં ઉચ્ચ અમલદારો તથા ક્રાઈમ બ્રાંચની ટીમે પણ ઘટના સ્થળે પહોંચી હત્યાના બનાવ અંગે વિસ્તૃત તપાસ હાથ ધરેલ છે.

શહેરનાં સૌથી વધુ વાહન વ્યવહાર ધરાવતા અને સૌથી વધુ સલામત મનાતા (હોસ્પિટલ ચોકમાં ચારે તરફ સી.સી. ટી.વી. હોવાથી) વિસ્તારમાં હત્યાનો બનાવ સર્જતા પોલીસ દ્વારા પોલીસના સી.સી.ટી.વી. તેમજ બનાવસ્થળ આસપાસ આવેલ સી.સી.ટી.વી. નાં ફૂટેજો મેળવી તેની ચકાસણીની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ હત્યાના બનાવ અંગેની વિસ્તૃત તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર સી.જી. જોષીની સીધી દેખરેખ હેઠળ સબ ઈન્સ્પેક્ટર એસ.એચ. નિમાવત જયુબીલીચોકીનાં સબ ઈન્સ્પેક્ટર ચંદુભાઈ રાઠોડ તથા મદદનીશો દ્વારા હાથ ધરવામાં આવેલી છે.

**પોલીસની તપાસનીશ ટુકડીઓ દ્વારા આસપાસનાં સી.સી.ટી.વી. ફૂટેજોની ચાલતી ચકાસણી**

## ગુજરાતમાં દારૂબંધી??? લોકડાઉન હોવા છતાં ગત વર્ષ કરતા વધુ દારૂ ઝડપાયો

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩

રાજ્યમાં દારૂનું દૂષણ કેટલી હદ સુધી ફેલાયેલું છે તેનો અંદાજ સરકારનાં આંકડા ઉપરથી જાણી શકાય છે. વિધાનસભા ગૃહમાં દારૂબંધી અંગે પૂછાયેલાં પ્રશ્નના જવાબમાં રૂપાણી સરકારે ગૃહમાં ચોંકાવનારા આંકડા રજૂ કર્યા હતા. તમને જાણીને નવાઈ લાગશે કે ગુજરાતમાં બે વર્ષમાં અધધધ ૧૯૮.૩૦ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો છે. તો હવે વિચારો જે ઝડપાયો નથી તેવાં દારૂનો આંકડો કેટલો મોટો હશે.

દારૂબંધી અંગે વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નમાં સરકારે જવાબ આપતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં બે વર્ષમાં ૧૯૮.૩૦ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો છે. અને ૬૭ દિવસના લોકડાઉનમાં ૨૦૧૯ કરતાં ૨૦૨૦માં વધુ દારૂ ઝડપાયો છે. રાજ્યમાં કોરોનાનાં કારણે ૬૭ દિવસ સુધી લોકડાઉન રહ્યું હતું. તેમ છતાં રાજ્યમાં દારૂની રેલમછેલ ચાલુ જ હતી.

આ ઉપરાંત રૂ.૩.૬૫ કરોડનો દેશી દારૂ તેમજ રૂ.૧૩.૧૮ કરોડનો બિયરનો જથ્થો પણ ઝડપાયો હતો. તેમજ રૂ.૬૮.૬૦ કરોડનું અફીણ, ગાંજા જેવા માદક દ્રવ્યો ઝડપાયા હતા. ગુજરાતના બે પોલીસ મથકમાંથી દારૂ ચોરીની કબૂલાત પણ રાજ્ય સરકારે વિધાનસભા ગૃહમાં કરી છે. કોંગ્રેસ સ્ન્છના પ્રશ્નમાં રાજ્ય સરકારનો લેખિત જવાબ છે કે ગાંધીનગર અને મહેસાણામાં પોલીસ મથકમાંથી દારૂ ચોરાયો હતો. અને દારૂ ચોરીમાં ૮ કર્મચારીઓની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે.

## ડેડીયાપાડામાં રાત્રીના સમયે ગટરમાં પડી જતા ત્રણ યુવાનોનું મોત : સમગ્ર પંથકમાં શોક

(જી.એન.એસ.)ડેડિયાપાડા,તા.૩

ડેડિયાપાડા પંચાયત વિસ્તારમાં આવેલી ભૂગર્ભ ગટર યોજનાની ઉભરાતી ગટરનું ઢાંકણું ખોલવા જતાં એક સાથે બે યુવાનનાં સ્થળ પર જ જ્યારે એકને સારવાર અર્થે લઈ જતી વખતે મોત થયું હતું. આ ઘટનામાં ત્રણ યુવાનના કરૂણ મોત નિપજતાં ડેડિયાપાડામાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.



ડેડિયાપાડામાં રાત્રે ડેડિયાપાડાના મેન બજારમાં તાલુકા પંચાયત કચેરીની સામે આવેલી ગટરનું ઢાકણ ખોલવા ગયેલા રોહિત દાદુ વસાવતનો પગ લપસી જતાં તેઓ ગટરની કુંડીમાં પડી જતાં ઝેરી ગેસની અસર અથવા પાણીમાં ડૂબી જવાથી બેભાન થઈ ગયા હતા. જેને બહાર કાઢી સાથેના સોમા નાનજી વસાવા પણ અંદર પડી ગયેલા માટે તેમને બહાર કાઢવા ધર્મેશ સંજય પણ કુંન્ડીમાં જતાં બેભાન થઈ જતા તેઓને બચાવવા માટે જીગ્નેશ સંજય વસાવાને લોકોએ કુંડીમાં પડી ગયેલા માણસોને બહાર કાઢી તે પૈકી ધર્મેશ સંજય વસાવા, રોહિત રાજુ વસાવાના સ્થળ પર જ મોત થયા હતા.

જ્યારે સોમ નાનજી વસાવાને સારવાર માટે રીફર કરતાં રસ્તામાં મોત થયું હતું. ડેડિયાપાડામાં બનેલી કરુણ ઘટનાને લઈને નગરજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. મંગળવારે તાલુકા મથકે તમામ વેપારીઓએ બંધ પાળ્યો હતો. બીજી તરફ ચૂંટણીની મતગણતરી થયા બાદ વિજેતા ઉમેદવારોએ પણ તાલુકા મથકે સભા સરઘસ છે બેન્ડવાજા વગાડવામાં આવ્યા નહોતાં હતા. સાદાઈથી વિજયને વધાવ્યો હતો.

## વલસાડ હાઈ-વે પર બસની અડફેટે સાઈકલ સવારનું ઘટના સ્થળે મોત

(જી.એન.એસ.)વલસાડ,તા.૩


વલસાડ હાઈવે પર ધરમપુર ચોકડી પાસે મંગળવારે સાંજે મોડી સાંજે નોકરી પરથી પરત પોતાના ઘરે જઈ રહેલા સિક્યુરિટી ગાર્ડને લક્ઝરી બસ ચાલકે અડફેટે લેતા સાયકલ સવાર સિક્યુરિટી ગાર્ડનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જોકે, બસ ચાલાક ત્યાંથી ભાગી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. વલસાડના મોગરાવાડી હીરા ફેક્ટરી નજીક રેહતા અને અબ્રામા વાવ ફળિયા ખાતે પેન્ટલ સ્ટેશનરી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ૩૬ વર્ષીય રમેશભાઈ સુકલા મંગળવારે સાંજે આશરે ૮:૧૫ વાગ્યાના સુમારે પોતાની નોકરી પરથી ઘરે સાયકલ પર જવા નીકળ્યા હતા.

તે દરમિયાન હાઈવે પર અબ્રામા નજીક ખોડિયાર હોટલની સામે એક લક્ઝરી બસ પુરપાટ ઝડપે આવી રહી હતી. સાઈકલ પર સવાર આધેડને લક્ઝરી બસે અડફેટે લેતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. સાઈકલને અડફેટે લીધા બાદ લક્ઝરી બસ ચાલાક ઘટના સ્થળેથી ભાગી છૂટ્યો હતો. સ્થાનિકો દ્વારા ઘટનાની જાણ પોલિસને કરાતાં પોલીસ ઘટના સ્થળે હતી અને મૃતદેહને પી.એમ અર્થે ખસેડી લક્ઝરી બસ ચાલકને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી હતી.

## ગુજરાતમાં બે વર્ષમાં ૧૪,૪૧૦ લોકોએ કર્યો આપઘાત : રોજ દુષ્કર્મની ચારથી વધુ ઘટનાઓ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૩

ગુજરાતનું બજેટ સત્ર શરૂ થઈ ગયું છે. અને વિધાનસભામાં ધારાસભ્યો દ્વારા પુછવામાં આવેલાં સવાલોનાં સરકાર જવાબો આપી રહી છે. તેવામાં વિધાનસભામાં ગુજરાત સરકારે દુષ્કર્મ, આપઘાત સહિતની ગુનાખોરીની ઘટનાઓ અંગે આંકડાઓ જાહેર કર્યા છે. આ તમામ આંકડાઓ ચોંકાવનારા છે. ગુજરાતમાં દૈનિક દુષ્કર્મની ચારથી વધુ ઘટનાઓ બને છે. વિધાનસભામાં ગુજરાત સરકારે આંકડા જાહેર કરતાં જણાવ્યું હતું, કે ગુજરાતમાં દુષ્કર્મની દૈનિક ૪ કરતાં વધુ ઘટનાઓ નોંધાઈ છે. આ ઉપરાંત ગુજરાતમાં દરરોજ બે લૂંટ, ૩ હત્યા અને ૩૦ ચોરીની ઘટનાઓ બને છે. તેમજ રાજ્યમાં દૈનિક અપહરણની



૭ ઘટનાઓ અને આપઘાતનાં ૨૦ કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. અને ગુજરાતમાં બે વર્ષમાં દુષ્કર્મની ૩૦૯૫ ઘટનાઓ બની છે. આ ઉપરાંત સરકારે જાહેર કર્યું હતું કે, બે વર્ષમાં ૧૫૨૦ લૂંટ અને ૧૯૪૪ હત્યાના બનાવ બન્યા છે. તેમજ ગુજરાતમાં બે વર્ષમાં ૧૪૪૧૦ લોકોએ આપઘાત કર્યો છે. બે વર્ષમાં હત્યાના પ્રયાસની ૧૮૫૩ ઘટના નોંધાઈ છે. જ્યારે બે વર્ષમાં રાયોટીંગના ૨૫૮૯ ગુનાઓ પોલીસ ચોપડે નોંધવામાં આવ્યા છે. આકસ્મિક મૃત્યુના ૨૭૧૪૮, અપમૃત્યુ ના ૪૧૪૯૩ બનાવો નોંધાયા, રાજ્યમાં ખૂનની કોશિશના ૧૮૫૨૩ ઘટનાઓ નોંધાઈ, પોલિસ વિભાગે તમામ ઘટનાઓમાં માત્ર ૪૦૪૩ આરોપીઓની ધરપકડ કરી છે.












Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)